RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 233 Dt. 08-03-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# સુરક્ષા ચૂક મુદ્દે ખાલીસ્તાનીઓ સામે કાર્યવાહી જરૂરી

## વિદેશ મંત્રી જયશંકરની સુરક્ષામાં ખલેલ પહોંચાડનાર ખાલિસ્તાનીઓ દ્વારા બેરીકેડ આવ્યાતા તોડવામાં જેનો ભારતે કર્યો ઉગ્રવિરોધ



નવીદિલ્હી, તા. ૭

ભારતે લંડનમાં વિદેશ મંત્રી એસ જયશંકરની સુરક્ષામાં ખલેલ પહોંચાડનારા ખાલિસ્તાન તરફી તત્વો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. નવી દિલ્હીએ કહ્યું કે આ ઘટના આવા દળોને આપવામાં આવેલ લાયસન્સ દર્શાવે છે. બુધવારે સાંજે સંવાદ સત્રની સમાપ્તિ પછી જયશંકર જ્યારે ચથમ હાઉસમાંથી બહાર નીકળી રહ્યા હતા, ત્યારે ખાલિસ્તાન તરફી વિરોધકર્તાએ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો હતો. કેટલાક લોકોએ ભારત વિરોધી નારા પણ લગાવ્યા હતા. આ મામલે ભારતે આકરી પ્રતિક્રિયા આપી છે. નવી દિલ્હી ખાતેના બ્રિટિશ હાઈ કમિશનના ઈન્ચાર્જને વાંધા પત્ર મોકલીને વિદેશ મંત્રીની સુરક્ષામાં થયેલી ક્ષતિ અંગે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે જણાવ્યું હતું કે, 'વિદેશ મંત્રીની મુલાકાત દરમિયાન, અમને બ્રિટનમાં હાજર અલગતાવાદી અને ઉગ્રવાદી તત્વો દ્વારા સુરક્ષા વ્યવસ્થામાં અવરોધોનો સામનો કરવો પડ્યો હતો. અમે બ્રિટિશ સત્તાવાળાઓને આ અંગે અમારી ઊંડી ચિંતા જણાવી છે તેમણે કહ્યું કે આ ઘટના એક મોટો પરિપ્રેક્ષ્ય ધરાવે છે. આ સ્પષ્ટપણે આવા દળોને આપવામાં આવેલ લાઈસન્સ તેમજ તેમની ધમકીઓ અને ધાકધમકી દર્શાવે છે. તે યુકેમાં અમારી રાજદ્વારી પ્રવૃત્તિઓને અવરોધવાના ઉદ્દેશ્યની ક્રિયાઓ પ્રત્યેની ઉદાસીનતાને પણ પ્રકાશિત કરે છે.

ખાલિસ્તાન તરફી તત્વો દ્વારા સુરક્ષા ઉલ્લંઘનની આ પહેલી ઘટના નથી. કેટલાક ખાલિસ્તાન તરફી તત્વોએ માર્ચ ૨૦૨૩માં લંડનમાં ભારતીય હાઈ કમિશનમાંથી ભારતીય ધ્વજ ઉતારી લીધો હતો. આ ઘટના પર ભારતે આકરી પ્રતિક્રિયા આપી હતી. ભારતે દિલ્હીમાં સૌથી વરિષ્ઠ બ્રિટિશ રાજદ્વારીને બોલાવ્યા હતા અને મિશનમાં સુરક્ષા વ્યવસ્થાની સંપૂર્ણ ગેરહાજરી અંગે ખુલાસો માંગ્યો હતો. ભારતની માંગ છે કે બ્રિટન તેની ધરતી પરથી કાર્યરત ખાલિસ્તાન તરફી તત્વો સામે કાર્યવાહી કરે.લંડનમાં ચેથમ હાઉસ થિંક ટેન્કમાં એક કાર્યક્રમ છોડીને જયશંકરને ખાલિસ્તાની ઉગ્રવાદીઓએ ઘેરી લીધાના એક દિવસ બાદ આ ઘટના બની છે. ખાલિસ્તાની ઉગ્રવાદીઓના એક જૂથે સૂત્રોચ્ચાર અને ધ્વજ લહેરાવતા વિરોધ કર્યો, જે મંત્રીના કાફલા સાથે સીધા અથડામણમાં પરિણમ્યો.

ખાલિસ્તાન તરફી સમર્થકો પણ ધ્વજ ધારણ કરતા અને સ્થળની બહાર વિરોધ કરતા જોવા મળ્યા હતા જ્યાં જયશંકરે ચર્ચામાં ભાગ લીધો હતો. આ ઘટના ૪-૯ માર્ચ દરમિયાન જયશંકરની યુકેની સત્તાવાર મુલાકાત દરમિયાન બની હતી.

ખાલિસ્તાન તરફી તત્વો દ્વારા સુરક્ષા ઉલ્લંઘનની આ પહેલી ઘટના નથી. કેટલાક ખાલિસ્તાન તરફી તત્વોએ માર્ચ ૨૦૨૩માં લંડનમાં ભારતીય હાઈ કમિશનમાં ભારતીય ધ્વજ ઉતારી લીધો હતો. આ ઘટના પર ભારતે આકરી પ્રતિક્રિયા આપી હતી. ભારતે દિલ્હીમાં સૌથી વરિષ્ઠ બ્રિટિશ રાજદ્વારીને બોલાવ્યા હતા અને મિશનમાં સુરક્ષા વ્યવસ્થાની સંપૂર્ણ ગેરહાજરી અંગે ખુલાસો માંગ્યો હતો. ભારતની માંગ છે કે બ્રિટન તેની ધરતી પરથી કાર્યરત ખાલિસ્તાન તરફી તત્વો સામે કાર્યવાહી કરે.



# રાહુલજી ગુજરાતમાંઃ ભાજપનો ગઢ જીતવા મથામણ

## કોંગ્રેસના બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશનના એક મહિના પહેલા જ રણનીતિ બનાવવા ચક્રો ગતિમાન

અમદાવાદ, તા. ૭

લોકસભામાં વિપક્ષના નેતા બન્યા બાદ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જુલાઈ ૨૦૨૪માં કહ્યું હતું કે અમે ગુજરાતમાં મોદી અને ભાજપને હરાવીશું. હરિયાણા, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં કોંગ્રેસની હાર બાદ રાહુલ ગાંધી હવે ભાજપને તેના સૌથી મજબૂત ગઢમાં ઘેરવા માંગે છે. એપ્રિલમાં યોજાનાર કોંગ્રેસના બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશનના એક મહિના પહેલા જ રાહુલ ગાંધી કોંગ્રેસની જમીન ખંખેરવા ગુજરાત આવ્યા છે જેથી સંમેલન માટે તે મુજબની રણનીતિ બનાવી શકાય. આ માત્ર સંયોગ છે કે રાહુલ ગાંધી ગુજરાતમાં કોંગ્રેસના નેતાઓને મળી રહ્યા છે ત્યારે પીએમ મોદી સુરત અને નવસારીના પ્રવાસે હશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી શુક્રવારે અમદાવાદ પહોંચ્યા હતા અને PCC, GPCC પ્રમુખ અને વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક કરી હતી. આ પછી પોલિટિકલ અફેર્સ કમિટીની બેઠક થશે. રાહુલ ગાંધી જિલ્લા કોંગ્રેસ પ્રમુખો અને બ્લોક કોંગ્રેસ પ્રમુખોને મળ્યા. આજે ૮ માર્ચે રાહુલ ગાંધી સવારે પાર્ટીના નેતાઓને મળશે. આ દરમિયાન તેઓ સ્થાનિક કાર્યકરો અને પૂર્વ ઉમેદવારો સાથે પણ ચર્ચા કરશે. રાહુલ ગાંધી બપોરે દિલ્હી જવા રવાના થશે. રાહુલ ગાંધી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ૨૦૧૭ની જેમ ભાજપને ટક્કર આપીને કોંગ્રેસને સત્તામાં લાવવા માંગે છે.



કોંગ્રેસના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ કોંગ્રેસ સંગઠનમાં જે પણ ફેરફારો થવાના છે. તેની શરૂઆત ગુજરાતમાંથી કરવામાં આવશે. આવી સ્થિતિમાં કોંગ્રેસ ગુજરાતને પણ ભાજપની જેમ લેબોરેટરી બનાવી દેશે.

કોંગ્રેસ હાલમાં ગુજરાતમાં મુખ્ય વિપક્ષી પાર્ટી છે, જો કે અઅઙની એન્ટ્રીને કારણે તે નબળી પડી ગઈ છે, કોંગ્રેસની સૌથી મોટી ચિંતા એ છે કે પોતાની વોટબેંક કેવી રીતે બચાવવી અને પછી ભાજપની સામે કેવી રીતે ઉભા રહેવું. કોંગ્રેસના એક નેતાએ કહ્યું કે રાહુલ ગાંધી ૨૦૨૫માં આખું વર્ષ સક્રિય રહેશે. આ ઉપરાંત ટોચના નેતૃત્વમાંથી અન્ય નેતાઓ પણ ગુજરાતની મુલાકાત લેશે. વરિષ્ઠ નેતાએ કહ્યું કે રાહુલ ગાંધી સહમત છે કે ૨૦૨૭માં ભાજપને બેકફૂટ પર ધકેલી શકાય છે. રાહુલ ગાંધી આ વખતે ગુજરાત માટે ગંભીર દેખાઈ રહ્યા છે. તેમના વિશ્વાસુ સહયોગી અને સંસ્થામાં નંબર ટુ કે.સી. વેણુગોપાલ ગુજરાતમાં કેમ્પ કરી રહ્યા છે. તેઓ એક સપ્તાહમાં બીજી વખત ગુજરાત પહોંચ્યા છે.

# સાત વર્ષ બાદ J&Kનું બજેટ રજૂ

## કૃષિ માટે રૂ. ૮૧૫ કરોડની ફાળવણી જ્યારે ૨.૮૮ લાખ યુવાનો માટે રોજગાર સર્જન અને પ્રવાસન માટે રૂ. ૩૯૦.૨૦ કરોડની જોગવાઈ

નવીદિલ્હી, તા. ૭

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ શુક્રવારે જમ્મુ અને કાશ્મીરનું સાત વર્ષમાં પ્રથમ બજેટ રજૂ કર્યું અને તેને આર્થિક વિકાસ માટે રોડમેપ અને લોકોની આકાંક્ષાઓનું સાચું પ્રતિબિંબ ગણાવ્યું. વિધાનસભામાં બજેટ રજૂ કરતી વખતે સીએમ ઓમર અબ્દુલ્લાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણનો વિવિધ ક્ષેત્રોમાં સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરતા કહ્યું કે જમ્મુ અને કાશ્મીરના નાણામંત્રી તરીકે પ્રથમ બજેટ રજૂ કરીને હું ખુશ છું. તે આર્થિક વિકાસ માટેનો રોડમેપ છે અને લોકોની આકાંક્ષાઓનું સાચું પ્રતિબિંબ છે. જેમણે પોતાના બજેટ ભાષણની શરૂઆત ફારસી કવિતાથી કરી હતી. નેશનલ કોન્ફરન્સ સરકાર ગયા વર્ષે ઓક્ટોબરમાં સત્તામાં આવી ત્યારથી આ પહેલું બજેટ છે, જેમાં છ વર્ષ પછી કેન્દ્રીય શાસનનો અંત આવ્યો છે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી હતી, અને છેલ્લું બજેટ સત્ર ૨૦૧૮ માં પીડીપી-ભાજપ સરકાર હેઠળ યોજવામાં આવ્યું હતું. અમારા પડકારો વિશાળ છે અને અમારી મર્યાદાઓ ઘણી છે, પરંતુ આપણે એક થઈને આ પડકારોનો હિંમતભેર સામનો કરવા માટે સંકલ્પ કરવો જોઈએ, મુખ્ય પ્રધાન અબ્દુલ્લાએ ગૃહમાં જણાવ્યું હતું. અમે આ પ્રથમ બજેટને અમારા લોકોના સપનાઓ, અમારી ભાવિ પેઢીઓની જરૂરિયાતો અને જમ્મુ અને કાશ્મીરના દરેક નાગરિકની આકાંક્ષાઓનું સાચું પ્રતિબિંબ બનાવવાની કોશિશ કરી છે અને જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવો એ લોકોની ઊંડી આકાંક્ષા છે અને અમારી સરકાર તેને સંબોધવા માટે પ્રતિબદ્ધ છે.

બજેટ રજૂ કરતા પહેલા અબ્દુલ્લાએ એક પોસ્ટમાં કહ્યું હતું કે તેમણે ક્યારેય વિચાર્યું ન હતું કે તેઓ એક દિવસ બજેટ રજૂ કરશે. સાત વર્ષ પહેલાં, હું મજાકમાં નાણા પ્રધાન હોવાનો ડોળ કરતો હતો કે તેઓ વિધાનસભા અને સંસદમાં બજેટ રજૂ કરવા માટે તેમની બ્રીફકેસ લઈને જતા હતા. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું ખરેખર આ કરીશ. તેણે એક તસવીર પણ શેર કરી જેમાં તે ભાજપના દિવંગત નેતા દેવેન્દ્ર સિંહ રાણા સાથે એક બ્રીફકેસ લઈ રહ્યો હતો. કૃષિ માટે રૂ. ૮૧૫ કરોડની ફાળવણી- ૨.૮૮ લાખ યુવાનો માટે રોજગાર સર્જન- પ્રવાસન માટે રૂ. ૩૯૦.૨૦ કરોડની જોગવાઈ- રૂ. ૫ લાખનો આરોગ્ય વીમો- આરોગ્ય ક્ષેત્રમાં સુધારો (બે AIIMS, ૧૦ નવી નર્સિંગ કોલેજો) - ફિલ્મ સેન્ટરની નીતિ શરૂ કરવી (ઉદેશ્ય સાથે રમતગમત માટે ૧૦ નવી નર્સિંગ કોલેજ)

## CM પટેલના હસ્તે ગિફ્ટ સિટીમાં ઈન્ડિયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સિસ્ટમનો પ્રારંભ

# ગિફ્ટ સિટી એવિએશન ક્ષેત્ર માટે વિશ્વસનિયઃ રામમોહન

## દેશના ફિનટેક હબ ગિફ્ટ સિટીમાં આયોજીત સમિટ એવિએશન સેક્ટર માટે નવા અવસરો ખોલશે : ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને પોલિસી ડ્રીવન ગવર્નન્સથી વિકાસનું ગ્રોથ એન્જિન બન્યુ

અમદાવાદ, તા. ૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ગુજરાતના વધતા પ્રભાવને પરિણામે ગ્લોબલ ઓરીજીનલ ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEM) ગુજરાતમાં આકર્ષિત થયા છે. એટલું જ નહીં, ઉદ્યોગોને અનુકૂળ માહોલ, પોલીસી ડ્રીવન ગવર્નન્સ અને સ્કીલ્ડ વર્ક ફોર્સની સરળ ઉપલબ્ધિને કારણે મોટા એન્જિનિયરિંગ, ઓટો ઇન્ડસ્ટ્રીઝ અને એરોસ્પેસ સેક્ટરની કંપનીઝના એકમો રાજ્યમાં કાર્યરત થયા છે.

મુખ્યમંત્રી ગીફ્ટ સીટી ખાતે આયોજિત ઇન્ડિયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઇનાન્સિંગ સમિટ-૨૦૨૫નો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુ, નાગરિક ઉડ્ડયન



સચિવ વી વુલનમ, ગિફ્ટ સિટીના ચેરમેન ડો. હસમુખ અઢિયા, આઈ.એફ.એસ.સીના ચેરમેન કે રાજા રમણ સહિત એવિએશન એન્ડ એરક્રાફ્ટ ક્ષેત્રના અગ્રણીઓ આ સમિટના ઉદઘાટન સત્રમાં સહભાગી થયા હતા.

વડાપ્રધાનના નેતૃત્વમાં પાછલા દસકામાં એવીએશન ક્ષેત્રમાં મોટા બદલાવ આવ્યા છે અને ભારત એવીએશન ઈકોસિસ્ટમનું મજબૂત આધાર સ્તંભ બન્યું છે. દેશમાં મેન્ટેનન્સ, રીપેર અને ઓવરઓલ સર્વિસીસ MRO ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે વિશેષ નીતિ પણ બનાવવામાં આવી છે. દેશનો સામાન્ય માનવી પણ વિમાનની યાત્રા કરી શકે તેવા અભિગમ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉડાન યોજના શરૂ કરાવી છે.

દેશમાં એરપોર્ટ્સની સંખ્યા પણ બમણી થઈ છે અને હવે તો થ્રી ટીયર અને ટુ ટીયર સિટીઝ પણ એર કનેક્ટિવિટીથી જોડાયા છે. ગુજરાતને પાછલા બે અઢી દાયકાથી વડાપ્રધાનના નેતૃત્વ અને માર્ગદર્શનનો લાભ મળતો રહ્યો છે. તેમના દિશાદર્શનમાં રાજ્ય સરકાર એરપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપી રહી છે.

રાજ્યમાં બે ઇન્ટરનેશનલ એરપોર્ટ સહિત ૧૯ એરપોર્ટ કાર્યરત છે. તેમજ દેશના પહેલા ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી ધોલેરામાં સ્ટેટ ઓફ ધ આર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે એરપોર્ટનું નિર્માણ થવાનું છે તેમ તેમણે જણાવ્યું હતું.

ગિફ્ટ સિટીમાં કાર્યરત આઈ.એફ.એસ.સી.એ. એરક્રાફ્ટ લિઝિંગ અને ફાઈનાન્સિંગની સુવિધાઓ એક જ છત્ર નીચે પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. ભારતમાં આવનારા ગ્લોબલ એવીએશન લીડર્સ માટે આ સુવિધા ફાયદારૂપ થશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ વિશ્વમાં ઈકોનોમિક પાવર હાઉસ તરીકે ઉભરી રહેલા ભારતના ગ્રોથ એન્જિન રાજ્ય ગુજરાતમાં યોજાઇ રહેલી આ સમિટને ઉપયુક્ત ગણાવી હતી.

ગિફ્ટ સિટી ભારતના એવિએશન સેક્ટર માટે વિશ્વસનીયતા, સહભાગીતા અને વિકાસ પ્રતિબદ્ધતા સાથેનું સ્પર્ધાત્મક એરક્રાફ્ટ લિઝિંગ હબ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

દેશના વિકસી રહેલા એવીએશન સેક્ટરમાં ફાઇનાન્સિયલ ઇનોવેશન માટે એરક્રાફ્ટ લિઝિંગ એ ચાવીરૂપ બાબત છે.

આ દિશામાં વધુ આગળ વધવાના નિર્ધાર સાથે ભારત સરકારે કેટલાક ટેક્સ રેગ્યુલેટરી અને પોલિસી ઈનીસ્યેટીવઝ પણ લીધા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત સરકારે પણ IFSCAમાં સ્થપાનારા યુનિટસ અને એરક્રાફ્ટ જેવી મુવેબલ પ્રોપર્ટીના એક્વીઝેશન માટે સ્ટેમ્પ ડ્યુટી માફીની જાહેરાતથી આ સેક્ટરને મજબૂત ફાયદો કરાવ્યો છે એમ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું.

તેમણે આ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વિશેષ આભાર દર્શાવતા કહ્યું કે, આવા પ્રોત્સાહક પગલાઓને પરિણામે એરક્રાફ્ટ લિઝિંગમાં પ્રગતિ થઈ છે, ૨૦૨૦માં ૨૦ એરક્રાફ્ટ લિઝિંગની સંખ્યા ૨૩-૨૪માં ૬૭ થઈ છે.

એટલું જ નહીં, જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં ૩૩ એરક્રાફ્ટ એન્ડ ફાઇનાન્સિંગ કંપનીઓએ IFSCAમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે.



### અનેક લવસ્ટોરી એવી હોય છે જેમાં એક્શન, ઈમોશન, ડ્રામા એમ ઘણુ હોય છેઃ વધુ એક કરૂણ કહાની

# ઝાડમાં લટકી પ્રેમીપંખીડાએ જિંદગીની કહાનીને ખતમ કરી

## ઓગણીસ વર્ષના યુવાન અને સોળ વર્ષની સગીરા વચ્ચે પ્રેમ થયો પણ એક નહિ થઇ શકાય એવા ડરથી કરી લીધો આપઘાત



રાજકોટઃ પ્રેમપ્રકરણને કારણે અનેક એવી ઘટનાઓ બનતી હોય છે જેના કારણે ચકચાર મચી જતી હોય છે. અઢી અક્ષરના પ્રેમમાં પડનારા આબાદ પણ થતાં હોય છે અને બરબાદ પણ થઈ જતાં હોય છે. અનેક પ્રેમકહાનીના અંત કરૂણ આવતાં હોય છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં પ્રેમીપંખીડાઓની જિંદગીની સફરનો લીમડાના ઝાડવે અંત આવી ગયો છે. બંનેએ લટકીને મોત મેળવી લીધુ છે. પ્રેમીની ઉમર ઓગણીસ વર્ષની અને પ્રેમિકાની ઉમર સોળ વર્ષની જ હતી. સમાજ એક નહિ થવા દે તેવો ડર લાગતાં કે પછી ઉમરનો બાધ નડતાં બંનેએ સજોડે મોતનો રસ્તો અપનાવી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો રોજબરોજ પ્રેમપ્રકરણને કારણે મારામારી, અપહરણ, હત્યા, આત્મહત્યા સહિતની ઘટનાઓ બનતી રહે છે. દરમિયાન એક યુવાન અને એક સગીરાએ આપઘાત કરીને પોતાની પ્રેમકહાનીનો અતિ કરૂણ ધી એન્ડ લાવી દીધો છે. આ ઘટના ભરૂચ જંબુસર તાલુકામાં આવેલાં કાવી ગામે બની છે. અહિ રહેતાં યુવાન-સગીરાએ લીમડાના ઝાડ પર દૂપટ્ટાનો ટૂંપો બનાવી ગળેફાંસો ખાઇ આપઘાત કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે.

પ્રાથમિક તપાસમાં પ્રેમ પ્રકરણને કારણે આ પગલુ ભર્યાનું માનવામાં આવી રહ્યુ છે. મસંબંધમાં આંત્યેતિક પગલું ભર્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

વધુ માહિતી અનુસાર કાવી ગામે એક જ ફળિયામાં રહેતી એક સોળ વર્ષની સગીરા અને ઓગણીસ વર્ષીય યુવાન સાંજના સમયે ઘરમાં કોઇને કાંઇપણ જાણ કર્યા વીના જતાં રહ્યાં હતાં. પરિવારજનોએ તેમને શોધવામાં જોતરાઇ ગયાં હતાં. દરમિયાનમાં ગામની સીમમાં એક લીમડાના ઝાડ સાથે તેમણે બન્નેએ એક જ દૂપટ્ટાથી ગળેફાંસો ખાઇ લીધો હોવાનું માલુમ પડ્યું હતું. બન્ને મૃતકોના પરિવારજનો તેમજ કાવી પોલીસનો કાફલો તુરંત સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મૃતકોના દેહ નીચે ઉતારી જંબુસર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ માટે મોકલ્યો હતો. પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. પીએસઆઇ આર. એસ. ચાવડાએ પ્રાથમિક તપાસમાં જણાવ્યું હતું કે બન્ને એક જ ફળિયામાં રહેતાં હોઇ તેમજ એક જ સમાજના હોઇ તેમની વચ્ચે પ્રેમ સંબંધ હતો.

જો કે આપઘાત કરનારા યુવાન અને સગીરાએ પોતાના પ્રેમપ્રકરણની જાણ ઘરમાં કે સગા સંબંધીઓનેકરી નહોતીં. આ બંને લાશ મળી તેના આગલા દિવસની સાંજથી ગુમ હતાં પરિવારજનો તેમને શોધી રહ્યાં હતાં. જંબુસર સુધી તેમણે શોધખોળ કરી પણ આખરે ગામની સીમમાં જ તેમનો ફાંસો ખાધેલો મૃતદેહ મળ્યો હતો. મૃતકોનું પોસ્ટમોર્ટમ કરાવી અમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગળાફાંસો ખાવા ઉપયોગમાં લીધો દૂપટ્ટો સહિતનો સામાન એફએસએલમાં મોકલી આપ્યો છે. બન્નેના પરિવાર તેમના સંબંધોથી અજાણ પોલીસની પ્રાથમિક પુછપરછમાં બન્ને એક જ સમાજના અને એક જ ફળિયામાં રહેતાં હોવાનું માલુમ પડ્યું હતું.

તેમની વચ્ચે પ્રેમ સંબંધ હતો કે કેમ તે બાબતે બન્નેના પરિવારજનોને જાણ ન હતી. જો બંનેએ તેમના પરિવારજનોને જાણ કરી હોત તો આવું પગલું ભરવું ન પડત તેમ લોકોમાં ચર્ચા ચાલી રહી હતી. આમ વધુ એક પ્રેમકહાનીનો કરૂણ અંત આવી ગયો હતો. વધુ એક વખત પ્રેમીપંખીડા કાયમને માટે ફાની દુનિયા છોડી ગયા હતાં. આ ઘટનાએ પ્રેમીઓમાં અને બંનેના પરિવારજનોમાં શોક ફેલાવી દીધો હતો.

# મહિલાઓ માટે આજે BRTS ફ્રી

### સમગ્ર દિવસ દરમ્યાન કોઇપણ સ્થળે, કોઈપણ રૂટ પર, ગમે તેટલી વાર સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં લઈ શકશે લાભ



રાજકોટ, તા. ૭

આજે ૧૧૪મો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી થઈ રહી છે તેમાં મહાનગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો કે આજે સિટી બસ અથવા બીઆરટીએસ બસ નો કોઈપણ મહિલા લાભ લેશે તો તેઓને નિશુલ્ક મુસાફરી કરાવવામાં આવું છે પછી તે દિવસ દરમિયાન કોઈપણ સ્થળે કોઈપણ રૂટ ઉપર અને ગમે તેટલી વાર મુસાફરી કરી શકશે.

'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ઉજવવા પાછળનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા, એટલે કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે. સામાજિક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકાની અગત્યતાને ધ્યાનમાં લઈ તેમનામાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ મહિલાઓ કુરિવાજો તથા રૂઢિઓમાંથી બહાર આવે તે માટેનું આયોજન કરવામાં આવે છે. આજે વિજ્ઞાન, ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે. ભારત દેશ અને એમાં પણ ગુજરાત રાજ્યમાં સરકાર 'કન્યા કેળવણી' અભિયાન, 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન, સ્ત્રી ભ્રૂણહત્યા નિવારણ, મહિલાઓમાં નામે મિલકત રજીસ્ટ્રેશન સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહત જેવા પ્રયાસ આદરી નારીઓના ઉત્કર્ષમાં યોગદાન કરી રહેલ છે. વર્તમાન સમયમાં અવકાશ સંશોધન અને રમત-ગમત જેવાં ક્ષેત્રોમાં પણ મહિલાઓએ પોતાની ક્ષમતા પુરવાર કરી રહી છે. આજે મહીલાઓ પુરૂષ સાથે ખભે ખભો મિલાવીને આગળ વધી રહી છે.

સ્ત્રીઓ શક્તિનું સ્વરૂપ છે. સ્ત્રીઓ તેમના સમગ્ર જીવન દરમ્યાન પોતાના પરીવાર માટે ખૂબ જ સંઘર્ષ કરે છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓના ઉત્કર્ષ માટે લોકો પ્રયત્નશીલ બન્યા છે. દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩% અનામતનું વિધેયક ''નારી શક્તિ વંદન અધિનિયમ'' લોકસભામાં ૪૫૪ મતથી પસાર થયેલ છે. જે સમગ્ર દેશ માટે ખુબ જ ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક બાબત છે. નારી સશક્તિકરણનું કાર્ય ચરિતાર્થ કરવાના ભાગરૂપે મિલકત વેરા અને પાણી વેરામાં મહિલાઓના મિલકતના કિસ્સામાં એડવાન્સમાં મિલકતવેરામાં વિશેષ ૫% વળતર આપવામાં આવે છે, રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીનીઓ માટે 'સુકન્યા સમૃધ્ધિ યોજના' હેઠળ વાર્ષિક રૂ.૧,૫૦૦/- જેટલું યોગદાન દરેક 'સુકન્યા સમૃધ્ધિ યોજના' ખાતા દીઠ આપવા રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટ ફાળવેલ છે. દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ', 'રક્ષાબંધન' અને 'ભાઈબીજ'ના પવિત્ર દિવસે મહિલાઓને ભેટ સ્વરૂપે સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં વિનામૂલ્યે મુસાફરી છૂટ આપે છે. જે પ્રમાણે આવતીકાલે ૮-મી માર્ચ, ૨૦૨૫ના રોજ ૧૧૪-મા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિતે મહિલાઓ એક દિવસ માટે, સમગ્ર દિવસ દરમ્યાન કોઇપણ સ્થળે, કોઈપણ રૂટ પર, ગમે તેટલી વાર સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે જેનો મહતમ લાભ લેવા અનુરોધ કરેલ છે.

# વેરા વસુલાત ઝુંબેશ અંતિમ ચરણમાં

### સાત મિલકત સીલ : ૬૨.૧૭ લાખની રિકવરી, કુલ આવક ૩૮૧.૮૨ કરોડ

રાજકોટ, તા. ૭

રાજકોટ વેરા વસુલાત શાખા દ્વારા હાલ જે રિકવરી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે તેને જોતા હવે જે નિર્ધારિત કરેલો લક્ષ્યાંક છે તેને પહોંચી વળવા રસ્તો થોડો આસાન થયો હોય તેવું ચિત્ર ઊભું થયું છે હાલ મળતી માહિતી મુજબ ગઈકાલે મહાનગરપાલિકાના વિભાગે સાત મિલકતોને સીલ કરી હતી સામે ૧૮ મિલકતો રિકવરી થઈ તો સામે એક નળ કનેક્શન કાપવામાં આવ્યું હતું. એમ કુલ ૬૨.૧૭ લાખ રૂપિયાની રિકવરી થઈ છે. વોર્ડ નંબર એકમાં ઘંટેશ્વરમાં આવેલી ચારમિલકતો ના નળ કનેક્શન કાપવાની વાત આવતા જ ૫.૭૦ લાખ રૂપિયાની રિકવરી થઈ તો વોર્ડ નંબર પાંચમાં આવેલી આર્ય નગર મેઈન રોડ પર નળ કનેક્શન કાપવાની વાત સામે ૫૦,૦૦૦ નો પીડીસી ચેક આપવામાં આવ્યો હતો. જ્યારે કુવાડવા રોડ પર આવેલા એક મિલકતમાં નળ કનેક્શન કાપવાની વાત સામે ૫૪,૭૦૦ ની રિકવરી થઈ અને કુવાડવા રોડ પર આવેલી એક મિલકતમાં નળ કનેક્શન પણ કાપવામાં આવ્યું હતું.

વોર્ડ નંબર સાતમાં સોની બજારમાં આવેલા જે.પી ટાવરમા ૮૩ હજારની રિકવરી થઈ જ્યારે સોની બજારમાં આવેલા બે યુનિટના બાકી માંગણી સામે ૧.૧૮ લાખ રૂપિયા રિકવર થયા સામે સોની બજાર અને કેનાલ રોડ પર કુલ ચાર યુનિટને સીલ કરવામાં આવ્યા હતા. રિકવરી ની વાત કરવામાં આવે તો સોની બજારમાં આવેલી ચાર યુનિટમાં ૨.૨૮ લાખની રિકવરી વેરા વસુલાત વિભાગે કરી. જ્યારે વોર્ડ ૧૪માં નવા કુભારવાડા માં ૨-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૧.૭૭ લાખની થઈ તો સામે સોરઠીયાવાડીમાં આવેલ 'આરજૂ કોમ્પ્લેક્ષ' ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૭ ને સીલ કરવામાં આવી .બીજી તરફ વોર્ડ ૧૮માં ઢેબરોડ પર આવેલા વિશ્વકર્મા સોસાયટીમાં એક યુનિટને સીલ કરવામાં આવ્યું તો બીજી તરફ એસી ફૂટ રોડ ઉપર સ્વાતિ પાર્કમાં આવેલા એક યુનિટને બાકી માંગણી સામે ૬૩,૦૦૦ ની રિકવરી પીડીસી ચેક મારફત થઈ છે. ઢેબર રોડ આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૭૩,૫૦૦નો ડ્ઉઈ ચેક આપવામાં આવ્યો. કૃષ્ણનગરમાં આવેલી એક યુનિટના બાકી માંગણી સામે સીલની કાર્યવાહી કરાતા ૮૦,૩૧૫ રૂપિયાની કરાઈ રિકવરી. ઢેબર રોડ પર આવેલા એક યુનિટના બાકી માંગણા સામે એક લાખથી વધુની રિકવરી થઈ જે માટે પીડીસી ચેક પણ આપવામાં આવ્યો તો નેહરુનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક યુનિટને મહાનગરપાલિકાના વેરા વસૂલાત વિભાગે સીલ કર્યો છે. ગઈકાલ જે ઝુંબેશ હાથ ધરવામાં આવી તેમાં કુલ ૬૨.૧૭ લાખની રિકવરી થઈ છે અને કુલ રિકવરી ૩૮૧.૮૨ કરોડની છે. કામગીરીમાં નાયબ કમિશનર નંદાણી, આસિસ્ટન્ટ કમિશનર ધડુક, સેન્ટ્રલ ઝોનના મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટર દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

### દોસ્તીમાં જીવ દઈ દેનારા પણ હોય છે, તો અમુક ભેરૂબંધ જીવ લઈ પણ લેતાં હોય છે!

# ભાડાની કારના ડખ્ખામાં મિત્રએ મિત્રને ઢોર માર મારી પતાવી દીધો

## બીજા ચાર શખ્સોનો સાથ લઇ એવો ઢીબ્યો કે જીવ નીકળી ગયોઃ પછી પોલીસને કહ્યું-મારો મિત્ર બેભાન થઇ ખુરશીમાંથી પડી ગયો છે, અમે દવાખાને લઇ જઇએ છીએઃ ડોક્ટરે મૃત જાહેર કર્યોઃ પોલીસે શંકા પરથી તપાસ કરી અને મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ




ભાડાની કાર વેંચી મિત્રના રૂપિયા હડપ કરી જવાનો પ્લાન ઘડી એક શખ્સે બીજા ચાર જણા સાથે પોતાના મિત્રને માર મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. પછી બનાવ આકસ્મીક છે તેવો દેખાવ કરવા પોલીસને ફોન કરી કહ્યું હતું કે મારો મિત્ર અચાનક ખુરશીમાંથી પડી જતાં મૃત્યુ પામ્યો છે. પણ પોલીસ તપાસમાં ભાંડો ફુટી ગયો હતો.

રાજકોટઃ દોસ્તીની અનેક દાસ્તાનો એવી હોય છે જેને ફિલ્મી પરદે પણ ઉતારવામાં આવતી હોય છે. દોસ્તી માટે જીવ દઇ દેનારા અનેક ભાઇબંધો પણ હોય છે તો અમુક એવા હોય છે જે દોસ્તીમાં દગાખોરી કરી દોસ્તનો જ જીવ લઇ લેતાં હોય છે. રૂપિયા પૈસા કે પછી લવઅફેરને કારણે દગાખોરી કરી દોસ્ત દ્વારા દોસ્તનું કાસળ કાઢી નાખવાની ઘટનાઓ અનેક વખત બની ચુકી છે. વધુ એક આવો ચોંકાનારો બનાવ બન્યો છે જેમાં મર્ડર મિસ્ટ્રીની આ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વડોદરા પંથકમાં બન્યો છે.

અહિના સારસા ગામના પાર્થ ઉર્ફે રવિ દીપકભાઈ સુથાર વડોદરાની ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. યુવકે વિશ્વજિત વાઘેલાની સ્વિફ્ટ કાર રૂ. ૩૦૦૦ પ્રતિ દિવસ ભાડે લીધી હતી અને થોડા સમય બાદ સાઠંબા (અરવલ્લી) ખાતે કાર વેચી નાણાં હડપી લીધાં હતાં, જોકે આ વાતથી વિશ્વજિત અજાણ હતો. થોડા સમય સુધી પોતાની કાર પરત ન મળતાં તેણે પાર્થ પાસે કાર અંગે પૂછપરછ કરતાં તેને કોઇ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. ત્યારબાદ કારનું ભાડું ૫૦ હજાર કરતાં વધુ થઇ જતાં વિશ્વજિતે પાર્થ સુથાર પાસે રૂપિયા અને કારની ઉઘરાણી કરી હતી. ત્યાર બાદ તે જુદાં-જુદાં બહાનાં આપીને સમય પસાર કરતો હતો. આખરે વિશ્વજિત અને તેનો મિત્ર જયદીપ સોલંકીએ પાર્થના ભાઇ આકાશનો સંપર્ક કરી તેને મળવા માટે બોલાવ્યો હતો.

જ્યાં આ બંનેએ આકાશને જણાવ્યું હતુ કે તારો ભાઇ મારી ગાડી લઇ ગયો છે, જે પાછી અપાવી દો, નહીં તો જોવા જેવી થશે એવી ધમકી આપી બંને ત્યાંથી નીકળી ગયા હતા. જો કે ત્યાર બાદ મોડીરાત્રે આકાશનો પાર્થને ફોન આવ્યો, પણ વાત થઇ ન હતી. એ બાદ સવારે પાર્થ સાથે ફોન પર વાત થતાં તેણે જણાવ્યું હતું કે વિશ્વજિત વાઘેલાની સ્વિફ્ટ કાર તેણે વેચી નાખી પૈસા લઇ લીધા છે, તે પૈસા માગવા માટે વિશ્વજિત વાઘેલા સાથે મારે તકરાર ચાલુ છે અને હાલ હું છાણી જકાતનાકા સ્થિત તેની ઓફિસે આવ્યો છે. ત્યારબાદ તેણે ફોન કાપી નાખ્યો હતો. આ પછી પાર્થનો સંપર્ક કરતાં કોઇ અન્ય વ્યક્તિએ ફોન ઉપાડી જયદીપ બોલું છું તેમ જણાવ્યું હતું અને પાર્થ સાથે વાત કરવાનું કહેતાં તેણે કહ્યું હતું કે હમણાં વાત થઇ શકે એમ નથી, હાલ અમે દાહોદ છીએ, કહી ફોન કાપી નાખ્યો હતો.

આ પછી પાર્થને છાણી જકાતનાકા ખાતે બોલાવી તેના પર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. પાર્થને સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. વિશ્વજિતે પોલીસ સ્ટેશનમાં ફોન કરીને કહ્યું હતું કે મારા મિત્ર પાર્થ ઉર્ફે રવિ ઓફિસમાં ખુરસીમાં બેઠાં-બેઠાં ઢળી પડ્યા છે અને તેમને હું ૧૦૮ એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલમાં લાવ્યો છું, જેમને તબીબોએ મૃત જાહેર કર્યા છે. એને પગલે ફતેગંજ પોલીસ પણ સયાજી હોસ્પિટલમાં પહોંચી ગઈ હતી અને આ મામલે તપાસ શરૂ કરી હતી.

એમાં તપાસ દરમિયાન ઘટસ્ફોટ થયો હતો કે પોલીસને માહિતી આપનાર જ આરોપી હોવાનું તપાસમાં ખૂલ્યું હતું. આ સમગ્ર મામલો ફતેગંજ પોલીસ સ્ટેશને પહોંચતાં આ મામલે તપાસનો દોર શરૂ થયો હતો.

પોલીસે તપાસનો દોર આગળ વધારતાં એક પછી એક કડી ખુલી હતી અને પાર્થ સુથારને ઢોરમાર મારી મોતને ઘાટ ઉતારનાર વિશ્વજિત વાઘેલા (રહે. મોક્સી ગામ તા, સાવલી વડોદરા), પ્રજ્ઞેશ ઉર્ફે ભયલુ બકુલભાઇ રાણા (રહે. છાણી ગામ દુમાડ રોડ, વડોદરા) અને રોનકકુમાર મહેન્દ્રભાઇ ચૌહાણ (રહે. છાણી ગામ, વડોદરા)ની ધરપકડ કરી હતી.

જ્યારે આ ગુનામાં સામેલ જયદીપ કનુભાઇ સોલંકી અને જયદીપના મિત્રની પોલીસે શોધખોળ યથાવત રાખી હતી. આમ ભાડાની કારના રૂપિયા માટે મિત્ર જ મિત્રનો હત્યારો બની ગયો હતો.

# સર્ક્યુલર ઈકોનોમી વિઝન રજૂ કરતા મ્યુ. કમિશનર

## ૧૩૫ કરોડની મળશે ગ્રાન્ટ : કેન્દ્રના CITIIS 2.0 પ્રોજેક્ટમાં ગુજરાતના એકમાત્ર શહેર રાજકોટની પસંદગી કર




રાજકોટ, તા. ૭

કેન્દ્રના CITIIS 2.0 પ્રોજેકટમાં પસંદગી પામેલા ગુજરાતના એક માત્ર શહેર રાજકોટ માટે મહાનગરપાલિકા, RSCDL, રાજ્ય સરકાર આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય વચ્ચે કરારઃ રૂ.૧૩૫ કરોડની ગ્રાન્ટ મળશે

જયપુર ખાતે યોજાયેલી એશિયા-પેસિફિકની ૧૨મી રિજીઓનલ 3R અને સર્ક્યુલર ઈકોનોમી ફોરમમાં મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ રાજકોટનું સર્ક્યુલર ઈકોનોમીનું વિઝન રજુ કરેલ

ગુજરાતમાંથી એક માત્ર રાજકોટ મહાનગરપાલિકાના પ્રોજેક્ટ RISE CITIIS 2.0 CITY INVESTMENT TO INNOVATE, INTEGRATE AND SUSTAIN 2.0 પસંદગી થયેલ હતી. આ અનુસંધાનમાં તાજેતરમાં તારીખ ૩, ૪ અને ૫મી માર્ચ, ૨૦૨૫ દરમ્યાન જયપુર, રાજસ્થાન ખાતે યોજાયેલી એશિયા-પેસિફિક રિજિયનની ૧૨મી રિજિયોનલ 3R અને સર્ક્યુલર ઈકોનોમી ફોરમમાં રાજકોટ મહાનગરપાલિકા વતી મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અને નાયબ મ્યુનિસિપલ કમિશનર. સી.કે. નંદાણી દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહરલાલ ખટ્ટર, CITIIS ૨.૦ પ્રોજેકટના સ્ટેકહોલ્ડર્સ, ગુજરાત રાજ્ય સરકાર વતી રેમ્યા મોહન, કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીસ-એડમિનિસ્ટ્રેશન, ગુજરાતની હાજરીમાં CITIIS 2.0 પ્રોજેકટના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ. દ્વારા કરાર કરવામાં આવ્યા હતા. જેના પગલે રાજકોટ મહાનગરપાલિકાને કચરા એકત્રિકરણ અને તેના કમ્પ્લીટ પ્રોસેસિંગ સહિતની પ્રક્રિયા થકી સમગ્ર કચરા વ્યવસ્થાપન પ્રણાલીને વધુ મજબૂત બનાવવા રૂ.૧૩૫ કરોડની ગ્રાન્ટ મળશે. જયપુર ખાતેની આ કોન્ફરન્સમાં કમિશનર તુષાર સુમેરાએ રાજકોટમાં હવે પછીના સમયમાં કચરા વ્યવસ્થાપન કઈ રીતે કાર્ય કરશે તે વિશે વિસ્તૃત અહેવાલ આપેલ.

કેન્દ્ર સરકારનો હેતુ તમામ ૧૮ શહેરોમાં સંપૂર્ણ પ્રક્રિયા પ્રોસેસિંગ સિચ્યુરેશન એટલે કે ૧૦૦% અમલીકરણ થાય તે છે, આવનારા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારના માર્ગદર્શન અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તેનું અમલીકરણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત પર્યાવરણની જાળવણી અને જે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે તે ૧૦૦% પર્યાવરણને અનુરૂપ રહેશે.

આ ૧૨ મી રિજિયોનલ ફોરમનું આયોજન સ્વચ્છ ભારત મિશન અર્બન, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા જાપાનના પર્યાવરણ મંત્રાલય,UN ESCAP, UNCRD, UNDSDG અને UNDESAના સહયોગથી આયોજિત કરવામાં આવી હતી. જેમાં ભારત સરકાર વતી મુખ્ય મહેમાન તરીકે મનોહરલાલ ખટ્ટર (મંત્રી,આવાસ અને શહેરી બાબતો), તોખાન સાહુ (રાજ્ય મંત્રી,આવાસ અને શહેરી બાબતો), ભુપેન્દ્ર યાદવ (મંત્રી, વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય) અર્જુનરામ મેઘવાલ (કાયદો અને ન્યાય મંત્રી), ભજનલાલ શર્મા (મુખ્ય મંત્રી, રાજસ્થાન), કૈલાસ વિજયવર્ગીય (કેબિનેટ મંત્રી, મધ્ય પ્રદેશ)હાજર રહ્યા હતા.

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા યુનાઈટેડ નેશન્સ અને તેની સહયોગી સંસ્થાઓની સાથે મળીને તારીખ ૩, ૪ અને ૫મી માર્ચ, ૨૦૨૫ના રોજ જયપુર, રાજસ્થાન ખાતે એશિયા-પેસિફિક રિજિયનની ૧૨મી રિજિયોનલ 3R અને સર્ક્યુલર ઈકોનોમી ફોરમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફોરમનાં ઉદઘાટન સત્રમાં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોનાં મંત્રી તથા રાજસ્થાનનાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપરાંત સોલોમન આઇલેન્ડ, તુવાલુ, માલદિવ્સ અને જાપાન જેવા દેશોના આંતરરાષ્ટ્રીય મહાનુભાવો સહીત એશિયા પેસિફિક રિજીયનના અલગ અલગ દેશોમાંથી ૪૦૦ કરતાં વધુ ડેલિગેટ્સ અને સરકારની સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ ફોર્મ સ્થાયી કચરા વ્યવસ્થાપન અને સર્ક્યુલર ઈકોનોમી ક્ષેત્રે નવી પહેલો માટે પ્રાદેશિક સહકારમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે.






આ ફોરમ નીતિ ઘડવૈયાઓ, ઔદ્યોગિક અગ્રણીઓ, સંશોધકો અને વિકાસનાં ભાગીદારો માટે કચરાના વ્યવસ્થાપન અને સંસાધન દક્ષતા માટે સ્થાયી સમાધાનોની ચર્ચા કરવા અને તેનો અમલ કરવા મહત્વપૂર્ણ મંચ પ્રદાન કરે છે. એશિયા-પેસિફિક પ્રદેશના અર્થતંત્રો ઝડપી શહેરીકરણ અને ઔદ્યોગિકરણનો અનુભવ કરી રહ્યા હોવાથી સર્ક્યુલર ઈકોનોમી મોડેલ તરફ સ્થળાંતર કરવાની જરૂરિયાત અંગે આ ફોરમ મહત્વનુ માધ્યમ બની રહ્યું છે.

આ ફોરમ Reduce, Reuse અને Recycleના સિદ્ધાંતો પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેનો ઉદ્દેશ સ્થાયી ઉત્પાદન અને વપરાશની પદ્ધતિઓ માટે રોડ મેપ તૈયાર કરવાનો છે. આ પ્રોજેકટમાં પસંદગી થવાથી રાજકોટ શહેરને આશરે રૂ. ૧૩૫ કરોડ જેટલી ગ્રાન્ટ પ્રાપ્ત થશે. તેની મદદથી પ્રોજેકટની ગાઈડલાઇન્સ અનુસાર શહેરમાંથી સોલીડ વેસ્ટના વ્યવસ્થાપન માટે અને કચરાને રિસાયકલ કરી શહેરમાં કચરાનું લઘુત્તમ ઉત્પાદન થાય તે મુજબનું આયોજન કરવામાં આવશે.

# જંત્રીદરને લઈ સોમવારે અંતિમ બેઠક

## ફાઈનલ રિપોર્ટ તૈયાર કરી સરકારમાં મોકલાશે : વિવિધ વિભાગોના ટોચના વડાઓ ઉપસ્થિત

રાજકોટ, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં પહેલી એપ્રિલ થી નવી જંત્રી દર લાગુ થવાની છે જે માટે હાલ જિલ્લા સ્તરે કલેકટરના વડપણ હેઠળ બેઠકો ચાલી રહી છે ત્યારે રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા સોમવારે અંતિમ બેઠક જંત્રીદારના મુદ્દાઓને લઈ યોજવાની વાત હાલ કલેકટર વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. પેલી તરફ ૮૫૦ થી વધુ વાંધા અરજીઓની પણ સમીક્ષા કરવામાં આવી રહ્યા છે ત્યારે આ બેઠકમાં વિવિધ વિભાગોના ટોચના વડાઓ ખાસ હાજર રહેશે અને અંતિમ રિપોર્ટ જે બનશે તે રાજ્ય સરકારમાં મોકલવામાં આવશે. નવા જંત્રીદારને લઈ સમગ્ર રાજ્યમાં ભારે આપો મચવા પામ્યો હતો પરંતુ જે રીતે પગલાં લેવામાં આવ્યા તેને જોતા સરકારે વાંધા સૂચનો પર કામગીરી શરૂ કરી છે.

રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા કલેકટર કચેરી ખાતે નવી જંત્રીના મુદ્દે ફાઈનલ બેઠક આગામી સોમવારે બપોરના ૩-૩૦ કલાકે આયોજીત કરવામાં આવી છે. જેમાં ૮૫૦થી વધુ વાંધા અરજીઓની સમિક્ષા કરવામાં આવનાર છે. આ બેઠકમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને રૂડાના ટીપીઓ સહિત રાજકોટ શહેર ગ્રામ્ય કક્ષાની સમિતિના સદસ્યો ઉપસ્થિત રહેનાર છે.

નવી જંત્રીના મુદ્દે વાંધા અરજીઓની સમિક્ષા બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશીના વડપણ હેઠળની આ કમીટી દ્વારા આ અંગેનો રીપોર્ટ રાજ્ય સરકારને સોંપવામાં આવશે.

**પરપ્રાંતના NFSA રેશનકાર્ડ ધારકોને યોજનાનો લાભ લેવા જિલ્લા પુરવઠા તંત્રની અપીલ**

# વન નેશન વન રાશનકાર્ડ યોજના''નો ૧.૮૬ લાખ લાભાર્થીએ લીધો લાભ

રાજકોટ મિરર, તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય એકતા લાવવા તથા જન સામાન્યની સુગમતા વધારવાના શુભાશયથી વન નેશન વન રેશનકાર્ડ યોજના વર્ષ-૨૦૧૯માં અમલમાં મુકાઈ છે. જે અંતર્ગત લાભાર્થી તરીકે નોંધાયેલ કોઈ પણ રાશનકાર્ડધારક રોજગારી માટે કોઈ એક રાજયમાંથી બીજા રાજયમાં કે એક જ રાજયના કોઇ પણ જિલ્લા, તાલુકા, ગામ કે શહેરમાં વસવાટ કરતા હોય, ત્યાંની વાજબીભાવની દુકાન પરથી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે છે. જેથી નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ (NFSA) હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને પોતાનું રાશન ખૂબ સરળતાથી ઉપલબ્ધ થાય છે.

આ યોજના હેઠળ કોઈ પણ સ્થળેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવવા માટે લાભાર્થીએ પોતાના રાજયમાં રાશનકાર્ડ સાથેનું આધાર સીડીંગ કરેલ હોવું જરૂરી છે. કોરોના કાળમાં લાખો લોકોએ આ યોજનાનો લાભ લીધેલ છે. આ યોજનાના અમલીકરણ માટે દરેક વાજબી ભાવના દુકાનદારને વધારાનો અનાજનો જથ્થો (ઘઉં અને ચોખા) આપવામાં આવે છે. જે વાજબી ભાવની દુકાનેથી વધુ રાશનકાર્ડધારકો ''વન નેશન વન રાશનકાર્ડ (ONOR)'' હેઠળ લાભ મેળવતા હોય તે વાજબી ભાવના દુકાનદાર જાતે પોતાના લોગ ઇનમાંથી ADDITIONAL PERMIT (વધારાની પરમીટ) જનરેટ કરી વધારાનો અનાજનો જથ્થો મેળવી શકે છે. રાજકોટ જિલ્લામાં દર મહિને અન્ય રાજય, જિલ્લા, તાલુકા, ગામના લાભાર્થીઓ ''વન નેશન વન રાશનકાર્ડ (ONOR)'' હેઠળ અનાજનો લાભ મેળવે છે. રાજકોટ જિલ્લામાં જાન્યુઆરી ૨૦૨૪થી ડીસેમ્બર-૨૦૨૪ સુધીમાં અન્ય રાજ્યના ૧૧,૭૮૭ લાભાર્થીઓ, અન્ય જિલ્લાના-૬૪,૭૫૬ લાભાર્થીઓ અને અત્રેના જિલ્લામાં જ અસર પરસ તાલુકામાં રોજીરોટી માટે આવેલ-૧,૦૯,૮૬૪ લાભાર્થીઓ મળીને કુલ-૧,૮૬,૩૦૭ લાભર્થીઓને ગત વર્ષમાં ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઓફ પબ્લિક ડિ-સ્ટ્રીબ્યુશન સીસ્ટમ હેઠળ પોર્ટેબીલીટી દ્વારા અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

**જુદા જુદા કારણોસર દેણાના ડુંગરે ચડનારો પોતે તો ફસાય જ છે, બીજાને પણ લઇ ડૂબે છે**

# દિકરાના દેણાને લીધે પિતા મરવા થયા મજબૂર

## દિકરો દેણુ કરી ભાગી જતાં બની ઘટનાઃ મરતાં પહેલાં પિતાએ ચિઠ્ઠીમાં લખ્યું-મારી પાસે પૈસા નથી હું ક્યાંથી આપું? મારા બૈરી છોકરીયું ધ્યાન રાખજો, હું દવા પીવ છું મને મરવા દેજો!

રાજકોટઃ એવી કહેવત છે કે દી વાળે ઇ દિકરા. પણ અમુક વખત દિકરાઓને કારણે મા-બાપને કે આખા કુટુંબ પરિવારને હેરાન થવું પડતું હોય છે. સંજોગોવસાત કે પછી સંગદોષને કારણે કોઇ પરિવારનો દિકરો દેણામાં ડુબી જાય કે મોટી આર્થિક નુકસાની વેઠે તો તેના કારણે ઘણીવાર તેના સ્વજનોને સહન કરવાની વેળા આવતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં દિકરાએ દેણુ કરતાં અને તે ભાગી જતાં લેણદારો-ભાગીદારોએ બાપ પાસે પઠાણી ઉઘરાણી ચાલુ કરતાં મજબૂર બાપે મારી પાસે કંઇ નથી, ક્યાંથી પૈસા લાવું? એવી ચિઠ્ઠી લખી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે.

આર્થિક સંકડામણમાં ફસાઇ જતો માણસ ઘણીવાર અવળા પગલા ભરતો હોય છે. પરંતુ ઘણીવાર જે તે લેણદારને કારણે તેના સગા મુશિબતમાં મુકાઇ જતાં હોય છે. સુરતમાં આપઘાતના કેસોમાં થતો વધારો થઈ રહ્યો છે ત્યારે એક હચમચાવી નાખે તેવો વધુ એક આપઘાતનો બનાવ સામે આવ્યો છે. સુરતના અમરોલી વિસ્તારમાં સત્તાવન વર્ષીય પ્રૌઢે ઘર નજીકમાં ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. પુત્રએ દેવું કર્યું હોવાથી ભાગીદાર અને લેણદારો પિતાને ફોન કરીને ધમકીઓ આપતા હોવાથી ટેન્શનમાં આવીને આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. આ સાથે તેમણે લખેલી સુસાઇડ નોટમાં પણ લખ્યું છે કે, પુત્ર દેવું કરીને જતો રહ્યો છે અને તેના ભાગીદાર સહિતના તેમની પાસે ઉઘરાણી કરી રહ્યા છે. મારી પાસે ખાવા કંઈ નથી ક્યાંથી લાવવું પૈસા બસ હું દવા પી જાવ છું.



આ કિસ્સામાં પોલીસે જાહેર કરેલી વધુ વિગતો પર નજર કરીએ તો મુળ ભાવનગરના લીમડાના વતની અને અમરોલી વિસ્તારમાં આવેલી પ્રમુખ હાઇટ્સમાં સત્તાવન વર્ષિય પ્રાગજીભાઈ દામજીભાઈ વસોયા પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં બે દીકરા સહિત છ સંતાન છે.

પ્રાગજીભાઈ હાલ નિવૃત્ત જીવન ગાળતા હતા. મોટો પુત્ર રત્નકલાકાર તરીકે કામ કરે છે. જ્યારે નાનો પુત્ર રવિ ઉર્ફે રવિન્દ્ર હોટ ફિક્સ મશીન ચલાવતો હતો. પ્રાગજીભાઈ દામજીભાઇ વસોયા ઘર નજીકમાં ખુલ્લા પ્લેટમાં અનાજમાં નાખવાની દવા પી ગયા હતા. જેથી, તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજયું હતું.

નાનો પુત્ર રવિ હોટ ફિક્સ મશીન ચલાવતો હતો. જોકે, રવિએ લાખો રૂપિયાનું દેવુ કર્યુ છે અને તે ક્યાંક ચાલ્યો ગયો છે. જોકે, લેણદારો અને તેના ભાગીદારો પ્રગાજીભાઈને હેરાન કરીને ધમકી આપતા હતા. આ કારણે ટેન્શનમાં આવીને તેમણે આ પગલુભર્યું હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. પ્રાગજીભાઈએ સુસાઈડ નોટમાં લખ્યું હતું કે, રવિ વયો ગયો, ઘરે કોઈને કોઈ જાતની ખબર નથી, શું કર્યુ શું નહીં, આશિષને કોઈ હેરાન કરતા નહી, મારી છોકરીઓને ખાવા-રહેવાનું એ પૂરુ પાડશે અને કોઈ જાતની ખબર પણ નથી. એમા માંથુ પણ મારતો નથી અને ખાતુ કરેલુ ત્યારે તેને પુછતો, ત્યારે તે કહેતો કે બધુ બરાબર છે. જરૂર પડે ત્યારે પૈસા આપતો, ખાતે તેના ભાગીદાર રાજુભાઈ હતા એમને ખબર હતી. હવે એ વયો ગયો છે પૈસા માથે કરીને, ભાગીદાર મારી ઉપર ભીંસ કરે છે. ધમકી આપે છે કે, તમને મારી નાખી, સુરતમાં નહીં રહેવા દઉં, હું કોણ છું, સૃષ્ટિમાં મારું નામ છે.

પૈસા માટે સાંજ સુધીમાં જોઈએ, મારી પાસે કઈ નથી, હું શું કરું, હું દવા પીવ છું મને મારવા દેજો. મારી બૈરી ને છોકરીયું અને આશિષ નિર્દોષ છે તેને જીવવા દેજો. નકર મારી ફુલ જેવી દીકરીયુંને કોણ મોટી કરશે. મારી પાસે ખાવા કંઇ નથી, ક્યાંથી લાવું પૈસા, બસ હું દવા પી જાવ છું. જય માતાજી, પ્રાગજીભાઈ.

પોલીસે આ ચિઠ્ઠી કબ્જે કરી પ્રાગજીભાઇને મરવા મજબૂર કરનારા વિરૂધ્ધ કાર્યવાહીની તજવીજ હાથ ધરી છે.

ચિઠ્ઠીમાં તેમણે આગળ એવુ પણ લખ્યું હતું કે આ સાથે હું મરી જાઉ ત્યારે મારી ચારે છોકરી મારી હાટડીને હાથ દે અને તેને સાચવજો. એવો ઉલ્લેખ કર્યો હતો. જયારે પ્રાગજીભાઇ નિવૃત જીવન ગાળતા હતા. ત્યારે પુત્રના દેવાના કારણે પિતાને મરવાનો વારો આવતા પરિવારમાં પણ શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

અમરોલી પોલીસે તપાસ યથાવત રાખી છે. હાલના સમયમાં લોકો અલગ અલગ કારણોસર વ્યાજખોરીમાં, દેણાના ડુંગરમાં ફસાઇ જતાં હોય છે. સમય સંજોગો અને પરિસ્થિતિ અનુસાર પછેડી હોય એવડી જ સોડ તાણીએ તો જીવતર વધુ સારી રીતે જીવી શકાતું હોય છે.

દેખાદેખી કે પછી ખોટા મોજશોખ પાછળના ખર્ચા પણ ઘણીવાર માણસને લઇ ડુબતા હોય છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# રોલા પાડવામાં જિંદગી સ્વાહા

હવામાં ઊડતી ટાબરિયા પેઢી સામાજિક સમસ્યા



રાતો-રાત ફેમસ થઈ જવું. સોશિયલ મીડિયામાં છવાઈ જઈને લોકપ્રિય તથા લાખોપતિ થવાનો જબ્બર પ્રવાહ સર્જાયો છે. આ પ્રવાહ ઘોડાપુર જેવો બેકાબુ છે. પ્રવાહમાં વહેવામાં સમાજનો કોઈ વર્ગ કે કોઈ પેઢી બાકી નથી. પ્રવાહમાં વહેવાની સૌથી વધારે તીવ્રતા કિશોર અને યુવા પેઢીમાં છે.

સોશિયલ મીડિયાની સાથે રહેવું એ અયોગ્ય બાબત નથી. ભાન ભૂલીને સમજદારી કેળવ્યા વગર સોશિયલ મીડિયાના ઘોડાપૂરમાં ખાબકો તો એ જીવલેણ પણ સાબિત થઈ શકે છે.

તાજેતરમાં અમદાવાદમાં બનેલી કરુણ ઘટનાએ ગુજરાતભરમાં ચર્ચા જગાવી છે. ત્રણ ટાબરિયા સોશિયલ મીડિયામાં રોલા પાડવા ભાન ભૂલીને બેફામ બન્યા હતા. સ્કોર્પિયો ભાડે લઈને રીલ બનાવીને વટ પાડવા ગયા હતા. ડ્રાઈવિંગનો પૂરતો અનુભવ ન હતો, લાયસન્સ પણ ન હતું છતાં કલીપ બનાવવાની લ્હાયમાં બેવફા બન્યા હતા.

ક્લિપ બનતી હતી, ગાડી ચાલતી હતી, રોલા પાડવાની ઘેલછા માણસ પર છવાયેલી હતી. યોગ્ય સમયે ગાડીનો ટન લઇ ન શક્યા અને ગંદકીથી ખદબદતા નાલામા ગાડી સહિત ખાબક્યા... બચવા માટે ફાંફા માર્યા, પરંતુ અણમોલ જિંદગી ગંદકીમાં જ સ્વાહા થઈ ગઈ. ૧૫ કલાકે બેના મૃતદેહો મળ્યા, ત્રીજનો ૩૬ કલાકે મળ્યો.

આવી ઘટનાઓ હવે નવી નથી રહી. રીલ્સ બનાવવાની લ્હાયમાં અસંખ્ય જિંદગી સ્વાહા થઈ છે અને હજુ થઈ રહી છે. સોશિયલ મીડિયા આશીર્વાદરૂપ છે, પણ સમજદારીના અભાવના કારણે એન્ટી સોશિયલ મીડિયા બની રહ્યા છે. ફેમસ થવાનું અને રૂપિયા કમાઈ લેવાનું આ હાથવગુ માધ્યમ છે. વિશેષ કઈ કર્યા વગર મોબાઈલ ફોનના ગાંડા ગદોડો કે બકવાસ જેવી વાત કરો એટલે ફેન-ફોલોવર્સના ઢગલા થવા માંડે.

લાયકાત કેળવ્યા વગર કંઈ મળી જાય તો તેનો અપચો થઈ જતો હોય છે. સોશિયલ મીડિયામાં ફેમસ થઈ ગયેલા સફળતા પચાવી શકતા નથી. હવામાં ઉડવા માંડે છે. અને માર ખાવાથી માંડીને જીવ ગુમાવવા સુધી પરિણામો ભોગવે છે. જે સોશિયલ મીડિયામાં સફળ નથી થયા એ ફેમસ થવા ભાન ભૂલીને મરણીયા પ્રયાસો કરે છે. મરણને શરણ પણ થઈ જાય છે.

અમદાવાદની ઘટનામાં જીવ ગુમાવનારા ત્રણે ટાબરિયાના પરિવારની દશા કેવી થઈ હશે? એક મૃતકના માતૃશ્રીએ તો કલ્પાંત કરતા કહ્યું કે, રિલ્સ બનાવવામાં ભાન ન ભૂલો. અમારે જિંદગીભરનો વસવસો રાખવો પડે છે.

બાળકો-કિશોરો-યુવા વર્ગ દેશનું ભવિષ્ય છે. વર્તમાન ટાબરિયા પેઢી સામાજિક સમસ્યા બનીને ઉભરી રહી હોય તેમ નથી લાગતું ? હવામાં ઉડતા કિશોરો અન્યને નુકસાન પહોંચાડે છે અથવા પોતે પછડાય છે. નવી પેઢી ખૂબ સ્માર્ટ છે, પરંતુ સમજદારી કે નૈતિકતા વગરની સ્માર્ટનેસ વ્યક્તિગત અને પરિવાર-સમાજ માટે ઘાતક નીવડે છે. ભારતમાં અભ્યાસક્રમો- ટ્રેનિંગના પાર નથી, પણ આ નૈતિકતાનું અને સમજનું શિક્ષણ દુર્લભ બન્યું છે. આના દુષ્પરિણામો આપણે બધા ભોગવી રહ્યા છીએ, પણ સમસ્યાના રામબાણ ઉકેલ માટે સરકાર, સમાજ, મીડિયા કે કોઈ સક્રિય નથી. નૈતિકતા અને સમજ વગરના ઘોડાપુર બેફામ છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# બસપા અને માયાવતી પતનના માર્ગે

**બહુજન સમાજ પાર્ટી અને માયાવતીનો ઉદય એ ભારતની લોક્ષાહીનો ચમત્કાર ગણવામાં આવે છે. યુપીમાં આ પક્ષે જે રીતે સત્તા મેળવી અને દેશના કેટલાક રાજ્યોમાં એનો વિસ્તાર થયો પણ છેલ્લા કેટલાક વર્ષોથી આ પક્ષનું પતન શરૂ થયું છે. દેશમાં જ નહિ પણ યુપીમાં પણ આ પક્ષનો મતાધિકાર તળિયે ગયો છે અને એ માટે જવાબદાર ખુદ માયાવતી છે.**



ઉત્તર પ્રદેશમાં બસપાનો જે રીતે ઉદય થયો એ જ રીતે જાણે અસ્ત થઈ રહ્યો છે. એનો ઉદય ચમત્કારી હતો અને એનું પતન ઘણા માટે દુઃખદાયી છે. આવું શા માટે બન્યું? એના કારણો ચકાસીએ તો એનો સીધો જવાબ એ છે કે, જવાબદાર માયાવતી છે. અહી આસપાસ કેટલાક ખોટા લોકો ફરતા થયા અને એ કારણે પક્ષનું ધોવાણ થયું અને હવે આ પક્ષ ફરી બેઠો થશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે.

એસસી અને એસટી માટે એક પક્ષ ઉભો થાય અને એનો બધો યશ કાશીરામને આપવો પડે. એમણે કચડાયેલા વર્ગના અવાજ બનવા માટે ૧૯૮૪માં બસપાની રચના કરી અને પક્ષનો દોર માયાવતીને સોંપ્યો. એ સમયે આ એક બહુજન ચળવળ બની હતી. વાદળી રંગ અને હાથી એ બંને દેશભરમાં જાણીતા બનતા થયા હતા. અને જ્યારે યુપીમાં માયાવતી પહેલીવાર મુખ્યમંત્રી બન્યા ત્યારે આ પક્ષનું સશક્તિકરણ થવું શરૂ થયું હતું. એકલા હાથે પણ યુપીમાં આ પક્ષે સતા મેળવી હતી. તો એવું તે શું થયું કે આ પક્ષની લોકપ્રિયતા તળિયે બેસી ગઈ છે.

માયાવતી ૧૯૮૯માં પહેલીવાર લોકસભામાં ચૂંટાયા. રાજ્યસભામાં પણ એ ગયા. અને ૧૯૯૫માં પહેલીવાર એ મુખ્યમંત્રી બન્યા. ભાજપે માયાવતીને ટેકો જાહેર કર્યો હતો. ફરી ચૂંટણી આવી અને ફરી માયાવતી ભાજપના ટેકાથી મુખ્યમંત્રી બન્યા પણ પછી ટેકો પાછો ખેંચી લીધો અને માયાવતી સરકારનું પતન થયું પણ ત્યાં સુધીમાં બસપા મજબુત બની ગયો હતો. ૨૦૦૭માં માયાવતી એકલા હાથે સતા મેળવવામાં સફળ રહ્યા. પણ ૨૦૧૨માં કાર્યકાળ પૂરો થયો અને બસપામાં સમસ્યાઓ શરૂ થઇ. એનું કારણ માયાવતીએ ખોટા લોકોને પક્ષમાં સત્તાઓ આપી હતી. ચૂંટાયા વિનાનાં લોકોને મંત્રીઓ બનાવ્યા હતા.

આ પક્ષમાં એક સમયે સશકત નેતા હતા એવા અસીમુદીન સીદીકીથી માંડી સ્વામી પ્રસાદ મૌર્ય, ઈન્દ્રજીત સરોજ સહિતના લોકો પક્ષમાંથી બહાર ગયા કે કાઢી મુકાયા હતા. સીદીકી આજે કોંગ્રેસમાં છે અને મૌર્ય ભાજપમાં.



કૌશિક મહેતા

આ બધા નેતાઓનું કહેવું છે કે, કાશીરામે જે સપનું જોયું હતું અને જિસ કી જીતની સંખ્યા ભારી, ઉસ કી ઉતની ભાગીદારી એવા સૂત્રનો કચ્ચરઘાણ વળી ગયો છે. ને એ માટે સંતોષ મિશ્રા , આકાશ આનંદ, આનંદકુમાર, અશોક સિદ્ધાર્થ જવાબદાર છે. એમાં ત્રણ નામ તો માયાવતીનાં નજીકના સગા છે અને એને હવે માયાવતીએ પક્ષમાં સોંપેલી જવાબદારીઓ પાછી લઇ લીધી છે કે પછી પક્ષમાંથી બેદખલ કરી દીધા છે. પણ હવે બહુ મોડું થઈ ગયું છે.

બસપાનો મતાધિકાર અને સંખ્યાબળ તળિયે પહોચી ગયા છે. ૨૦૦૩માં બસપાને યુપી વિધાનસભામાં ૩૦.૪૩ ટકા મત મળ્યા હતા અને ૨૦૨૨માં એ ઘટી ૧૨.૮ ટકા થઇ ગયા અને સમ ખાવા પુરતી એક જ બેઠક મળી છે. લોકસભામાં તો વધુ ખરાબ હાલત છે. ૨૦૧૪માં બસપાને ૧૯.૩૦ ટકા મત મળ્યા હતા. અને ૨૦૨૪માં માત્ર ૯.૩૯ અને બેઠક તો એક પણ નહિ. આ સ્થિતિ દર્શાવે છે કે, બસપા હવે બેઠી થાય એ બહુ મુશ્કેલ લાગે છે.

એક વખતે જેને આયરન લેડીનું બિરુદ મળ્યું એણે જ પક્ષને ડુબાડી દીધો છે. સત્તામાં હતા ત્યારે બેફામ ભ્રષ્ટાચાર કર્યો. તાજ કોરીડોર યોજનામાં બહુ વગોવાયા. આવક કરતા વધુ સંપતીનો કેસ થયો. સીબીઆઈ તપાસ થઇ અને વિશ્વ બેન્કે પણ ટીકાઓ કરી. હજુ ય એમના સામેના કેસનો નિકાલ થયો નથી. બીજી બાજુ આ મોકો સમાજવાદી પાર્ટીઓ ઝડપી લીધો . સપાએ યાદવ-મુસ્લિમનું સમીકરણ રચ્યું હતું સાથે દલિતોને જોડી દીધા. અને લોકસભાની છેલ્લી ચૂંટણીમાં એનું પરિણામ જોવા મળ્યું. સપાએ બસપાની વોટ બેંક લૂંટી લીધી અને ભાજપની યુપીની બેઠકોમાં ખાસ્સો ઘટાડો થયો અને રાષ્ટ્રીય કક્ષાએ ભાજપ ૨૪૦ બેઠકોએ અટકી ગયો.

ભારતમાં પ્રાદેશિક પાર્ટીઓનો ઉદય રાજકારણનાં રસ ધરાવતા લોકો માટે અભ્યાસનો વિષય છે. કોંગ્રેસમાં છુટ્ટા પડેલા કેટલાક પક્ષો આજે જે તે રાજ્યોમાં અગ્રસર છે. પણ ભાજપ, બસપા અને આપ જરા જુદી રીતે ઉભરેલા પક્ષો છે. ભાજપે વર્ષો સુધી મહેનત કરી છે અને આજે સત્તા પર છે. એમાં વાજપેયી અડવાણી, મોદી સહીત અનેક લોકોનો સિંહફાળો છે. આપ કેજરીવાલ અને એના સાથીદારોની દેંન છે. બસપા જરા જુદી રીતે બનેલો પક્ષ છે. કચડાયેલા વર્ગ માટે બસપા એ આશાનું કિરણ બન્યું અને એ યુપી બહાર પણ વિસ્તાર પામ્યો. પણ હવે એ પતન ભણી છે. માયાવતીએ પહેલા સગાવ્હાલાને મહત્વ આપ્યું અને હવે પસ્તાયા છે પણ હવે બહુ મોડું થઇ ગયું છે. પક્ષ ફરી બેઠો થાય એ શક્યતા ઓછી દેખાય છે. કારણ કે, બસપાનો મતાધિકાર બટાઈ ગયો છે. એ પાછો મેળવાનું બહુ મુશ્કેલ છે. માયાવતીએ એકડે એકથી શરૂઆત કરવી પડે એમ છે. પહેલા તો એમના પરના ભ્રષ્ટાચારનાં કેસમાંથી મુક્ત થવું પડશે. ચોખ્ખા થઇ બહાર આવવું પડશે. અને એ અતિ દુષ્કર છે. ભાજપ સરકાર આવા કેસ ચલાવતા રહે છે અને જરૂર પડ્યે સક્રિય કરી દે છે. જેમ કે, હમણા બોફોર્સ ફાઈલ ફરી ખોલી છે.

માયાવતીએ પોતાના જન્મદિનને જનકલ્યાણકારી બનાવી દીધો હતો. અને આ દિવસે એના ટેકેદારો પૈસા આપતા હતા એમાંથી પક્ષને મજબૂત કરવાના બદલે પોતાને આર્થિક રીતે મજબૂત કરતા રહ્યા અને આજે એ એના પરિણામો ભોગવી રહ્યા છે. એમના કરતા ય પક્ષને વધુ ભોગવવું પડ્યું છે.

### આમાં ક્યાંથી થાય ગુજરાત સશક્ત ?

# રાજ્યમાં ૫.૪૦ લાખ બાળક કુપોષિત હોવાની સરકારની ચિંતાજનક કબૂલાત

## વિધાનસભા ગૃહમાં ખુદ સરકારે જાહેર કર્યું કે, કુપોષણ નાબૂદી પાછળ બે વર્ષમાં રૂ. ૫૦૯ કરોડ ખર્ચાયા

રાજકોટ મિરર, ગાંધીનગર, તા.૭ ગુજરાત મોડલની દેશભરમાં ચર્ચા થાય છે પરંતુ વાસ્તવિકતા અલગ જ છે. એક સમયે પૂર્વ વડા પ્રધાન ડો. મનમોહન સિંહે કહ્યું હતું કે દેશમાં કુપોષણ એ એક રાષ્ટ્રીય શરમ છે. તે સમયે વિરોધપક્ષમાં બેઠેલી ભાજપ સરકારે તેમની સરકારની ટીકા કરી હતી, પરંતુ ૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તા સંભાળી રહેલી ભાજપ સરકારના કાર્યકાળમાં પણ ગુજરાતમાં કુપોષણની સમસ્યા એટલી જ છે. ખુદ સરકારે આપેલા આંકડા મુજબ ગુજરાતમાં આજે પણ ૫.૪૦ લાખ બાળકો કુપોષિત છે. રાજ્યમાં કુપોષણ નાબૂદી પાછળ છેલ્લાં બે વર્ષમાં રૂ. ૫૦૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્યમાં આદિવાસી-પછાત જિલ્લાઓમાં કુપોષિત બાળકોની સંખ્યા વધુ છે. સાબરકાંઠા, પંચમહાલ, બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં કુપોષિત બાળકોની સંખ્યા એક લાખની આસપાસ પહોચી ગઈ છે.

વિધાનસભા ગૃહમાં ખુદ સરકારે જણાવ્યું છે કે, કુપોષણ નાબૂદી પાછળ છેલ્લાં બે વર્ષમાં રૂ. ૫૦૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ છતાંય રાજ્યમાં આજે પણ હજારો કુટુંબો એવા છે જેમને પૂરતો આહાર મળતો નથી. સગર્ભા માતા કુપોષણયુક્ત આહારથી વંચિત રહી છે. વધતાં જતાં કુપોષણ માટે ગરીબી પણ એટલી જ જવાબદાર છે. સગર્ભાઓને પોષણયુક્ત આહાર આપીને સરકાર દર વર્ષે લાખો કરોડો રૂપિયા ખર્ચ કરી રહી છે તેમ છતાંય ખાસ કરીને આદિવાસી-પછાત જિલ્લાઓમાં કુપોષિત બાળકોની સંખ્યા વધુ છે. જોકે, સરકારે દાવો કર્યો છે કે કુપોષિત બાળકોની સંખ્યામાં દોઢ લાખનો ઘટાડો થયો છે. પણ વાસ્તવિકતા એ છે કે, રાજ્યના ત્રણ જિલ્લામાં જ કુપોષિત બાળકોની સંખ્યા ૯૯૪૦૩ જેટલી છે. જેમાં બનાસકાંઠામાં ૪૨૪૧૯ કુપોષિત બાળકો, પંચમહાલમાં ૩૫૨૪૨ કુપોષિત બાળકો, સાબરકાંઠામાં ૨૧૭૪૨ કુપોષિત બાળકોની સંખ્યા વધુ છે. આ ઉપરાંત નવ જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા ૯૪૧૪૯ છે. જેમાં પાટણમાં ૧૨૭૪૨ બાળકો, અરવલ્લી માં ૧૧૬૮૩ બાળકો, નર્મદામાં ૧૧૯૯૪ બાળકો, ૧૬૮૪૫ બાળકો, વડોદરામાં ૧૪૨૯૩ બાળકો, તેમજ ડાંગમાં ૫૧૦૦ બાળકો, નવસારીમાં ૭૧૫૦ બાળકો, ગીર-સોમનાથમાં ૭૧૪૧ બાળકો અને તાપીમાં ૭૨૦૧ કુપોષિત બાળકો છે. સરકારે સ્વીકાર્યું કે, જાન્યુઆરી-૨૦૨૫ સુધી ગુજરાતમાં કુલ મળીને ૫,૪૦,૩૦૩ બાળકો કુપોષિત છે. સરકારે કુપોષણ નાબુદી માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૨૬૪ કરોડ જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨૪૫ કરોડનો ખર્ચ કર્યો છે. આટલી માતબર રકમનો ખર્ચ કરવામાં આવ્યો તેમ છતાં લાખો બાળકો કુપોષણનો ભોગ બન્યા છે. એ જ દર્શાવે છે કે, કુપોષણ નાબુદી માટેની સરકારી યોજના માત્ર નામ પૂરતી જ રહી છે.

**કુપોષણ નાબુદી માટે આ યોજના છે અમલમાં**

અત્રે ઉલ્લેખનીય છે કે કુપોષણ નાબુદી માટે રાજ્ય સરકાર મમતા અભિયાન, કુપોષણમુક્ત ગુજરાત, નમો શ્રી યોજના, પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ, માતૃવંદના સહિત ઘણી યોજનાઓ અમલમાં છે તેમ છતાંય કુપોષણ કાબુમાં લઈ શકાયું નથી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# સમાજ દર્શન

## મહિલા માટે જ્યાં સુધી 'પોતાની' અને 'પારકી' એવો ભાવ રહેશે ત્યાં સુધી એ સુરક્ષીત નથી!



આજે ૮ માર્ચ છે અને મહિલા દિવસ આવી ગયો. આપણે વીમન્સ વીકમા ઘણા પાસાં પર વાત કરી અને સમાજની પુત્રી તેમજ પુત્રવધૂ ને ટકોર પણ કરી, પરંતુ આપણે આજે સમાજ દર્શનમાં હજી મહિલા દિવસ અંતર્ગત રહી ગયેલ એક પાસા પર વાત કરીશું, કારણકે આપણે જોયું એમ પરિવારની વહુ દિકરી પ્રત્યે કુણું વલણ રાખી શકાય અથવા તો ઘણું બધું સ્વીકારી શકાય છે, પણ અન્ય સ્ત્રીને એટલું માન કે મહત્વ આપી શકાતું નથી! અથવા તો દરેક સ્ત્રીના ન્યાય માટે બહુ વિચારતાં નથી, માટે આજનાં દિવસ નિમિતે દરેક મહિલાને તેમના અધિકારોની સાથે સાથે પુરતું માન સન્માન અને પવિત્ર પ્રેમ મળે એવી શુભેચ્છા. મહિલા દિવસે ઠેરઠેર મહિલાઓ પોતાના વિચારો રાખી શકે, એ રીતનાં કાર્યક્રમનું આયોજન કરાશે, અને મહિલાના સન્માન થશે. કેવું રુપાળુ લાગે છે આ બધું! ક્યાંક ક્યાંક તો આ દ્રશ્યો કેમેરામાં કેદ પણ થશે! પરંતુ એક પ્રશ્ન થાય કે, શું સાચે જ આજનો સમાજ દરેક મહિલાને માન સન્માન આપે છે ખરો? સ્ત્રી શિક્ષણ અને તેની સિદ્ધિ બધું જ બરોબર છે,પણ હજી દરેક સ્ત્રી માટેનો સમાજનો નજરિયો સમાન નથી! અને એ મુદ્દે હજી અવરનેસની ખૂબ જરૂર છે. સુધરેલો સમાજ વાતો તો બહુ મોટી મોટી કરી જાણે છે,પણ હકીકતમાં શું તેની નજરમાં પોતાનાં ને પરાયાંનો ભેદ નથી હોતો?? સામાજીક રીતે બધી જ મહિલાઓ ને એક નજરે જોવામાં નહીં આવે, ત્યાં સુધી મહિલા સાથે થતાં અત્યાચારોમાં કોઈ ફેર પડવાનો નથી. અહીં મેં સમાજ શબ્દનો ઉપયોગ કર્યો છે, પુરુષ કે અન્ય કોઈનાં નામ નથી, સમાજમાં બધા જ આવી જાય છે, એ રીતે જોઈએ તો અહીં સ્ત્રીની દુશ્મન સ્ત્રી પણ હોય શકે છે! અને એ સૌ કોઇ જાણે જ છે. હા અમુક રીતે સમાજમાં જાગૃતિ આવી છે ખરી, અને હવે દરેક વર્ગના લોકો સ્ત્રી શિક્ષણનું મહત્વ સમજીને પોતાની દિકરીને ભણાવે પણ છે, અને ક્યાંક કોઈ બેન દિકરી સાથે દુષ્કર્મ થાય, તો થોડે ઘણે અંશે અવાજ પણ ઉઠાવે છે, પરંતુ આ બધું ઘટના ઘટી ગયા પછીનું છે. આવી ઘટનાઓ હવે છાશવારે બને છે, અને સમાજ જાણે ટેવાઈ ગયો હોય, તેમ સરઘસ કાઢે નારા લગાવે, નીજી પરિવાર પોલીસ ચોકી સામે ઉપવાસ પર બેસે, ન્યાય માટે માગણી થાય,પણ સરકાર તરફથી આવી ઘટના ઘટે નહી એ માટે નક્કર પગલાં ભરાતાં નથી, કે નથી આરોપી ને તાત્કાલિક સજા થતી. સમાજ તરફથી પણ ઠોસ સબૂત આપીને અપરાધીને પકડાવવા માટે સબૂત આપવામાં આવતાં નથી, તેથી આવાં કિસ્સા અટકતા નથી,અને આરોપીને પણ મને કંઈ જ થવાનું નથી; એમ વિચારી આવી ઘટના વધુ ને વધુ થાય છે. વારંવાર ઘટતી આવી ઘટના ચોક્કસ પણે ઘટાડવી હોય તો, જે તે વ્યક્તિ એ આવું દુષ્કર્મ કર્યું હોય, તેનો પરિવાર તેને છાવરવાની બદલે સજા થાય, એવાં મતનો બને, અને સામેથી પોલીસને સોંપી દે, તો કંઈક અંશે ઘટાડો થાય. ઉપરાંત જે નારી સાથે આવી કોઈ પણ શરમજનક ઘટના ઘટી હોય, તેણે પણ કહેવાતી આબરૂ કે ઈજ્જતને નામે, ચૂપ રહ્યા વગર ન્યાય માટે આગળ આવવું જોઈએ, અને આ માટે તેના પરિવાર એ પણ મહિલાને સાથ આપવો જોઈએ. સમાજમાં આમ જુવો તો, ઉપરછલ્લી જાગૃતિ આવી છે એવું લાગે.કારણ કે સૌને પોતપોતાની માતા પત્ની બહેન કે પુત્રીને માન સન્માન આપવું છે, પરંતુ એ જ ઉંમરની અન્ય મહિલા સાથે જે ઘટના ઘટે એમાં મારે શું? એવું આજે પણ હજી બધાં વિચારે છે!એને પરિણામે આવાં કિસ્સા લગાતાર વધે છે. એકવીસમી સદીમાં પહોંચી ગયાની વાત જ છે, બાકી મહિલા માટેની માનસિકતામાં હજી જોઈએ તેવો ફેર પડ્યો નથી. મહિલા ગમે તેટલી સફળ હોય, તે સ્વતંત્ર આજે પણ નથી,કદાચ ક્યાંક તે સ્વતંત્ર હોય તો સુરક્ષિત તો બિલકુલ નથી.ઘરની બહાર તો અમુક પ્રકારના અત્યાચાર થાય,પણ આતો ઘરમાં પણ ઘરેલુ હિંસા અટકવાનું નામ નથી લેતી. ઘણી વખત વિચાર આવે કે મહિલાને સુશિક્ષિત કરીને શું ફાયદો થયો, બુદ્ધિ વિકાસની દ્રષ્ટિએ જોઈએ તો કદાચ મહિલા દરેક ક્ષેત્રમાં સફળ થઈ છે,પણ સમાજની હજી પણ ૫૦% મહિલા ઘરમાં માન સન્માનનું સ્થાન મેળવી શકી નથી.પહેલા તો સાવ નીચલા વર્ગમાં જ આવું બનતું, પરંતુ હવે તો કહેતા પણ શરમ આવે એવાં એજ્યુકેટેડ ફેમિલીમાં પણ શંકાને કારણે આવું બધું થતું જોવા મળે છે, જોકે ૨૦ /૨૫ ટકા રૂપે ક્યાંક ક્યાંક સ્ત્રીઓ પણ સ્વછંદ થતી જાય છે. મૂળ વાત જ્યાં સુધી સમાજનો એક એક વ્યક્તિ ઘરની અને બહારની મહિલાને સરખું માન સન્માન નહીં આપે, ત્યાં સુધી મહિલાનું સમાજમાં આ રીતે જ અપમાન થતું રહેશે. દરેકે જણાએ પોતાની જાતને સવાલ કરવો રહ્યો, કે જે માન તે માતાને આપે છે, એટલું જ માન તે સમાજની અન્ય મહિલાને આપે છે? જ્યાં સુધી સમાજની માતા, પત્ની, બહેન, અને પુત્રીને ઘર પરિવારની મહિલાની જેમ જોવામાં ન આવે, એને પણ ઈશ્વરે એક સંવેદના ભર્યું હ્રદય આપ્યું છે, એવું વિચારવામાં ન આવે ત્યા સુધી, આવાં સમારંભ અને મહિલાનાં માન સન્માનનાં કાર્યક્રમ નકામા છે. સ્ત્રી ચરિત્રની દુહાઈ દેતો ભારતીય સમાજ સ્ત્રીના ચરિત્ર સાથે પોતે ગમે તેવા ચેડાં કરી શકે,પણ પોતાની સ્ત્રીનાં ચરિત્ર પર ભરોસો કરવાનો વારો આવે તો તરત શંકા કરે છે, એની પર ગમે તેવા આક્ષેપ મુકવામાં પણ એ પાછી પાની કરતો નથી. સમાજમાં દિવસે દિવસે સાઈબર ક્રાઇમની સંખ્યા જે રીતે વધે છે,એ જોતાં એવું લાગે કે, ઘણીવાર પોતાનો કોઈ જ દોષ ન હોવા છતાં, તેણે બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે, ત્યારે આપણને એમ થાય કે જો થોડો વિશ્વાસ પતિ પોતાની પત્ની પર રાખે, તો કદાચ આવા કિસ્સામાં ઘટાડો થાય ખરો. મનોરંજનના બધા જ માધ્યમ પરથી મહિલાનો વિકાસ થાય એ રીતે ફિલ્મ, નાટક, કે સીરિયલ બનાવવામાં આવે છે. હેલ્લારો ફિલ્મમાં એકબાજુથી કુળદેવીને પૂજવામાં આવે,અને ઘરની મહિલાઓ ને જે રીતે કેદમાં રાખવામાં આવતી એ મર્મ સમજાવ્યો છે, એ દ્રષ્ટિકોણ અદભૂત છે. આજે દરેક પિતા પોતાની પુત્રી માટે સુંદર સ્વપન જુવે છે, પણ એની પત્ની પણ કોઇની દિકરી છે, એ વાત એ આસાનીથી ભૂલી જાય છે. દિકરી જુવાન થતાં સુંદર જીવનસાથીનું સ્વપન જુવે છે, અને જીવનસાથી સંગે ઉંચે આકાશમાં ઉડવાનું સ્વપન પણ જુવે છે, પરંતુ શું સમાજ દરેક દિકરીનું આ સ્વપન પુરૂ થાય એમાં મદદરૂપ થાય છે ખરો? ઘણીવાર એવું પણ જોવા મળે છે કે મહિલાની માનહાનિ તેનાં અંગત સ્વજનો દ્વારા થતી પણ જોવા મળે. ઘર પરિવારમાં જે હોય તે, પરંતુ આ બાબત પર બધી જ મહિલા એ એક થવું પડશે! માત્ર અધિકારને મુદ્દે નહીં પણ સાચાં અર્થમાં સમાનતા ને સન્માન મળવું જોઈએ. જો સમાજનો સાચે વિકાસ કરવો હોય તો આ પાસા પર વિચારવું જોઈએ .પુરુષ હોય કે મહિલા તેને જન્મ દેનાર તો આખરે એક મહિલા જ છે એ વાત પણ યાદ રાખીને દરેકે દરેક જણાં એ મહિલાને માન-સન્માન આપવું જોઈએ, આવા ભાષણો પણ કેટલા એ આજ સુધી કર્યા હશે, પરંતુ સમાજની માનસિકતામાં કોઈ ફેર નથી. આ ઉપરાંત મહિલા એ પણ માત્ર અધિકારની સાથે સાથે ફરજ પણ નીભાવી પડશે, અને અને થોડું જતું કરવાની ભાવના પણ કેળવવી પડશ, તો જ સાચે આપણે ૨૧મી સદી તરફ આગેકૂચ કરી છે એમ કહી શકાય. દરેકે દરેક જણાયે મહિલાને માન-સન્માન આપી તેની ભાવનાની કદર કરવી પડશે, ઉજ્જવળ ભવિષ્ય માટે ઉજળા ગુણ પણ કેળવવા પડશે,અને મારી જેમ કેટલીય મહિલાઓ જોયેલું સમાજનું આવું દોહરી માનસિકતા વાળું ચિત્ર બદલવુ પડશે. ત્યારે સાચે જ મહિલા દિવસ સાર્થક થશે! જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

રાજ્યમાં રોજબરોજ કોઇ ને કોઇ સ્થળે સગીરા, યુવતિ, પરિણીતા બની જાય છે હવસખોરીનો શિકાર

# યુવતિને નોકરીની લાલચ આપી રિસોર્ટમાં લઇ જઇ ઢગાએ દેહ પીંખ્યો

માથે જતાં વિકૃત શખ્સે ધમકી પણ દીધીઃ બીજા બનાવમાં ટમેટા આપવા આવેલા બકાલીએ દાનત બગાડી પરિણીતાને બથ ભરી લીધી

રાજકોટઃ રાજ્યભરમાં હવસખોર વિકૃત ઢગાઓ કોઇને કોઇ ગામ શહેર કે મહોલ્લામાં પોતાના કૂકર્મો થકી રોજબરોજ હાજરી પુરાવતાં રહે છે. અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં દરરોજ કોઇ ને કોઇ સ્થળે બાળા, સગીરા, યુવતિ, ત્યક્તા, વિધવા કે પરિણીતા અને ક્યારેક તો માસુમ ફુલડા જેવા બાળકો હવસખોરીની શિકાર બનતા રહે છે. વધુ આવી ઘટનાઓ સામે આવી છે જેમાં રિસોર્ટમાં રસોઇનું કામ અપાવવાનું કહી યુવતિને ફસાવી દૂષ્કર્મ આચરી લઇ માથે જતાં મારી નાખવાની ધમકી અપાઇ છે. બીજા કિસ્સામાં એક વિકૃત બકાલીએ ટમેટા આપતી વખતે એક પરિણીતાને બથ ભરી લઇ છેડતી કરી લીધી હતી.

દૂષ્કર્મની પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદ શહેરના ચાંદખેડામાં રહેતી યુવતીને ગાંધીનગર જિલ્લાના અમિયાપુર નજીકના રિસોર્ટમાં ફિલ્મના શુટીંગ દરમિયાન રસોઇ બનાવવાની નોકરી આપવાનું કહીને અમિયાપુરમાં રહેતા એક વ્યક્તિએ યુવતી સાથે દુષ્કર્મ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ઘટના સામે આવી છે.જા અંગે અડાલજ પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. ચાંદખેડા વિસ્તારમાં તેના પરિવાર સાથે એક ત્રેવીસ વર્ષીય યુવતીએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે યુવતી નજીકના ઘરોમાં રસોઇ બનાવવાનું કામ કરે છે. ચાર મહિના પહેલા તેને ભરતસિગ રાજપુરોહિત ( સોમેશ્વર પાર્ક, અમિયાપુર, ગાંધીનગર) નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. તેણે યુવતીને કહ્યું હતું તેનો પોતાનો રિસોર્ટ છે.જ્યાં નિયમિત રીતે ફિલ્મોનું શુટીંગ થાય છે.જેથી રસોઇ બનાવવાની નોકરી છે.



આ ઉપરાંત તેણે સારા પગારની ઓફર કરતા યુવતીએ હા કહી હતી. જેથી ભરતસિંગે તેને સાબરમતી મેટ્રો સ્ટેશન પર બોલાવીને નોકરી અંગે વાત કરી હતી. બાદમાં તેને કહ્યું હતું કે શુટીંગ શરૂ થશે ત્યારે તમને કહીશ. આ દરમિયાન તે કોલ કરીને યુવતીના સંપર્કમાં રહેતો હતો. દરમિયાન ભરતસિંગે તેને કોલ કર્યો હતો કે તેમના રિસોર્ટ પર કામ છે અને ત્રણ દિવસ રસોઈ બનાવવાની છે. જેથી યુવતી લેવા માટે તે સાબરમતી મેટ્રો આવ્યો હતો.

પરંતુ, તે રિસોર્ટ પર લઇ જવાના બદલે ઘરે લઇ ગયો હતો અને ત્યાંથી થોડીવારમાં રિસોર્ટ પર જવાનું કહીને ઘરે લાવ્યો હતો. જ્યાં તેણે યુવતી સાથે બળજબરી કરી હતી અને તેની સાથે શારીરિક સંબધ બાંધીને ધમકી આપી હતી કે આ વાત કોઇને કહેશે તો તે બદનામ કરશે. બાદમાં સાંજના સમયે તેને ચાંદખેડા ઉતારીને જતો રહ્યો હતો.તેની સાથે બનેલી ઘટનાથી યુવતી ગભરાઇ ગઇ હતી અને તેણે તેના મંગેતરને સમગ્ર ઘટના અંગે વાત કરી હતી અને આ સમગ્ર મામલે અડાલજ પોલીસ મથકે ભરતસિંગ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી આ હવસખોરને શોધી રહી છે.

બીજી ઘટના જોઇએ તો વડોદરા જિલ્લાના મંજુસર પોલીસ મથકની હદમાં પરિણીતાની એકલતાનો લાભ લઇ પરિચિતે છેડતી કરી હતી. આરોપી શાકભાજી આપવાના બહાને મહિલાના ઘરે ગયો હતો. આ બનાવ અંગેની ફરિયાદ મંજુસર પોલીસ મથકમાં નોંધાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. મળેલી માહિતી પ્રમાણે, પરિણીતા પોતાના ઘરે હાજર હતી દરમિયાન રવિન્દ્ર પુનમભાઇ વસાવા (રહે. લામડાપુરા, સાવલી) તેના ઘરે આવ્યો હતો અને ટામેટા ભરેલી થેલી પરિણીતાને આપી હતી. જે બાદ પરિણીતા ટામેટા ખાલી કરી રહ્યા હતા. તે દરમિયાન રવિન્દ્રએ એકલતાનો લાભ લઇને પરિણીતાની છેડતી કરી હતી અને બથ ભરી લીધી હતી. આ ઘટનાથી ડઘાઇ જતા પરિણીતાએ પ્રતિકાર કરી બુમાબુમ કરી હતી.

જેથી આરોપી રવિન્દ્ર ત્યાંથી નાસી છુટ્યો હતો. ઘટના સમયે પરિણીતાના પતિ ઘરે હાજર ન હોવાથી અને આરોપી પરિચિત હોવાથી આબરૂના કારણે તે સમયે ફરિયાદ આપી ન હતી. દરમિયાન પરિણીતાએ છેડતી કરનાર રવિન્દ્ર પુનમભાઇ વસાવા (રહે. લામડાપુરા, સાવલી) વિરૂદ્ધ મંજુસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

આમ દૂષ્કર્મ, વિકૃતિની વધુ બે ઘટના સામે આવી હતી. પોલીસે બંને કિસ્સામાં કાર્યવાહી કરી હતી.

# ગુનેગારના મદદકર્તાઓની ખેર નહીં : વિશ્વકર્મા

## સ્ટેટ મોનિટરિંગ સેલે છેલ્લા બે વર્ષમાં પ્રોહિબિશન હેઠળ ૯૭૮ ગુન્હાઓ નોંધી કરી કાર્યવાહીઃ જુગાર હેઠળ ૨૩૦ ગુના જ્યારે કેમિકલ ચોરી જેવા ૫૦ ગુનામાં કડક કાર્યવાહી

ગાંધીનગર, તા. ૭

બોટાદ જિલ્લામાં દારૂ વેચનાર ઉપર દરોડા પાડવા બાબતે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો ગૃહ રાજ્ય મંત્રીશ્રી વતી મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જવાબ આપતા કહ્યું હતું કે, ગુજરાત પોલીસ કોઈ પણ ગુનેગારને કે તેની સાથે સંપર્કમાં રહી મદદ કરનાર શખ્સોને છોડશે નહીં. તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ત્રણ દરોડા પાડી રૂ .૫૮.૬૬ લાખનો મુદ્દામાલ પકડવામાં આવ્યો. જે અનુસંધાને જવાબદાર અધિકારીઓ સામે નિયમોનુસાર ખાતાકીય પગલા લેવામાં આવ્યા છે.

સ્ટેટ મોનિટરીંગ સેલે કરેલી કામગીરી અંગે પૂછાયેલા પૂરક પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, સ્ટેટ મોનીટરીંગ સેલ એ રાજ્યના પોલીસ વડાશ્રીના નિયંત્રણ હેઠળનો અને સીધા જ સુપરવિઝન હેઠળ કામ કરતો રાજ્ય સરકારનો સ્વાયત સેલ છે. જબઈ દ્વારા વર્ષ ૨૦૨૩ થી અત્યાર સુધીમાં પ્રોહીબીશન ધારા હેઠળ કુલ ૯૭૮ ગુનાઓ દાખલ કરી રૂ.૧૦૪.૬૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તેવી જ રીતે જુગાર ધારા હેઠળ કુલ ૨૩૦ ગુનાઓ દાખલ કરી રૂ.૭.૬૯ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.



તો બીજી તરફ ગેસ ચોરી, ખનિજ ચોરી, ખાતર ચોરી, કેમિકલ ચોરી, સળીયા ચોરી જેવા વિવિધ ૫૦ ગુનાઓ દાખલ કરી રૂ.૧૩૯.૫૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એટલું જ નહીં, ૧૧૫ નાસતા-ફરતા આરોપીઓને પણ પકડી પાડ્યા છે.સ્ટેટ મોનીટરીંગ સેલને પોલીસ સ્ટેશન આપવા પાછળના કારણો અંગે પૂછાયેલા પૂરક પ્રશ્નો જવાબ આપતા મંત્રીએ કહ્યું કે, અમુક ગુનાઓ એવા હોય છે કે જેનો વ્યાપ એક કરતા વધારે જીલ્લાનો કે સમગ્ર રાજ્યનો હોય છે. આવા ગુનાની તપાસ માટે રાજ્ય સ્તરના પોલીસ સ્ટેશનની જરૂરીયાત પડે છે.

ઉપરાંત નાર્કોટીક્સ સહિતના કેટલાક કેસોમાં ગુપ્તતા રહે તે પણ જરૂરી છે. તેથી મુખ્યમંત્રીની સૂચનાથી તા.૩૧/૦૧/૨૦૨૫ના રોજ સમગ્ર રાજ્યના કાર્યક્ષેત્રને આવરી લેતા સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસ સ્ટેશનને કાર્યરત કરવામાં આવ્યું છે.

જે દિવસે આ પોલીસ સ્ટેશન કાર્યરત થયુ તે જ દિવસે ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર તથા અમદાવાદ જિલ્લાઓમાં સંગઠીત ગુના આચરતી ટોળકીના કુલ-૧૦ ગેંગના સભ્યો વિરૂધ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ કરી, દાખલો બેસાડતી કાર્યવાહી કરવામાં આવી છે.

તે ઉપરાંત તાજેતરમાં જ બે નાઈજીરીયન નાગરીકને પ્રતિબંધિત ડ્રગ્સ(કોકેઈન) ૧૪૯.૫૧૦ ગ્રામ, કિં. રૂ.૧,૪૯,૫૧,૦૦૦/- સાથે પકડી પાડી, (NDPS) એક્ટ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# કુદરતી આફતોમાં સરકાર પ્રજાના પડખે : રાજપુત

## ૨૦૨૪ માં પાક નુકસાની માટે SDRF માંથી ખેડૂતોને ૧૩૩૩ કરોડની ચૂકવાઇ સહાય

અમદાવાદ, તા. ૭

ગુજરાત રાજ્ય દરેક કિસ્સામાં એવાત ઉપર સતત ધ્યાન કેન્દ્રિત કરતું હોય છે જેમાં સામાન્ય લોકોને સહેજ પણ તકલીફનો સામનો ન કરવો પડે ત્યારે મહત્વનું છે કે, કોઈપણ કુદરતી આફતમાં સરકાર હર હંમેશ કટિબદ્ધ રહી છે એટલું જ નહીં ભવિષ્યમાં પણ કોઈ પણ ઘટના બનશે તો સરકાર એવા દરેક સંભવત પ્રયત્નો કરશે જેનાથી લોકોને હેરાનગતિનો સામનો ન કરવો પડે.

વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી વતી મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની અમારી ડબલ એન્જિનની સરકારે હરહંમેશ ગરીબો, યુવાનો, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષને પ્રાધાન્ય આપ્યું છે.

ગુજરાતના નાગરિકો ઉપર આવતી કુદરતી આફતોમાં અમારી સરકાર હંમેશા તેમની પડખે ઉભી રહી છે. આફતો સમયે નાગરિકોને થયેલા નુકસાન સામે SDRFના ધારા ધોરણો મુજબ તેમને રાજ્ય સરકાર દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે. જેમાં ૭૫ ટકા કેન્દ્ર સરકાર અને ૨૫ ટકા ફાળો રાજ્ય સરકારનો હોય છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ સંદર્ભે વધુ વિગતો આપતાં મંત્રીએ કહ્યું હતું કે, ગત વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાં પડેલા કમોસમી અને ભારે વરસાદમાં થયેલા નુકશાન સામે ખેડૂતોને સહાય ચૂકવવામાં માટે SDRFમાંથી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને કુલ રૂ. ૧૩૩૩.૬૨ કરોડની ફાળવણી કરવામાં આવી હતી.

છેલ્લા પાંચ વર્ષમાં ભારત સરકારે SDRF હેઠળ ૭૫ ટકા લેખે કુલ રૂ. ૫,૮૫૨.૮ કરોડ તેમજ ગુજરાત સરકારે ૨૫ ટકા લેખે કુલ રૂ. ૧,૯૪૯.૬ કરોડના ફંડની ફાળવણી કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુદરતી આપત્તિઓ સમયે અસરગ્રસ્તોને માનવમૃત્યુ/માનવઈજા, કપડા અને ઘરવખરી સહાય, મકાન/ઝૂંપડા સહાય, ઘાસચારા સહાય, ખેડૂતોને પાક નુકશાન અને જમીન ધોવાણ સહાય, પશુ મૃત્યુ સહાય, દૈનિક રોકડ સહાય (કેશડોલ્સ ), માછીમારોની હોડી અને જાળીને થયેલ નુકશાન માટે, હસ્તકલા અને હાથશાળ કારીગરોને થયેલ નુકશાન માટેની સહાય રાજ્ય સરકાર દ્વારા SDRFમાંથી આપવામાં આવે છે.

બંને મિત્રો રાતે દેવપરાથી ટુવ્હીલરમાં બેસી રવાના થયા બાદ માલિયાસણ પાસે મિત્રએ પાછળથી ઘા કર્યાઃ વચ્ચે પડેલા રાહદારીને પણ પહોંચાડી ઈજા

# રોહિતે પૈસા માંગતા મિત્ર પ્રકાશે દીધા છરીના ૧૧ ઘા

આંબેડકરનગરના બાવીસ વર્ષના રોહિત રાઠોડને ગંભીર ઇજાઃ કુવાડવા પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધ્યોઃ ક્રાઇમ બ્રાંચે આરોપી પ્રકાશ પરમારને રાતોરાત દબોચી લીધો

રાજકોટઃ મિત્રો વચ્ચે પૈસા સહિતના મામલે માથાકુટની ઘટનાઓ બનતી રહે છે. વધુ એક આવો બનાવ રાજકોટ શહેરમાં બન્યો છે. જેમાં ગોંડલ રોડ આંબેડકરનગરમાં રહેતાં અને જાહેરાતના બોર્ડ ફિટીંગનું કામ કરતાં યુવાન પર માલિયાસણ નજીક ચાલુ ટુવ્હીલરમાં પાછળ બેઠેલા તેના જ મિત્રએ છરીથી હુમલો કરી વાંસા, ગળા, સાથળ, પડખા સહિતના ભાગોમાં છરીના અગિયાર જેટલા ઘા ઝીંકી દઇ મારી નાખવાનો પ્રયાસ કરતાં યુવાન ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. કુવાડવા પોલીસે હત્યાની કોશિષનો ગુનો દાખલ કર્યો હતો. આરોપીને ક્રાઇમ બ્રાંચે રાતોરાત દબોચી લીધો હતો. પૈસાની લેતીદેતી મામલે માથાકુટ થયાનું ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર મેઇન રોડ પર રહેતાં અને જાહેરાતના બોર્ડ લગાડવાનું કામ કરતાં રોહિત પ્રવિણભાઇ રાઠોડ નામનો બાવીસ વર્ષનો યુવાન રાતે પોતાના એક્ટીવામાં મિત્ર દેવપરા પાસે રહેતાં પ્રકાશ પરમારને પાછળ બેસાડી માલિયાસણ પાસે પહોંચ્યો ત્યારે ચાલુ વાહને પ્રકાશે છરીના ઘા ઝીંકવાનું ચાલુ કરી દીધુ હતું. અગિયાર જેટલા ઘા મારી તેમજ છોડાવવા વચ્ચે પડેલા રાહદારીને પણ ઇજા કરી પ્રકાશ ભાગી ગયો હતો. રોહિતને ગીભર હાલતમાં સિવિલમાં અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બનાવમાં કુવાડવા પોલીસે રોહિતના નાના ભાઇ વીસ વર્ષિય ઋત્વીક પ્રવિણભાઇ રાઠોડની ફરિયાદ પરથી જંગલેશ્વર વિસ્તારના પ્રકાશ પરમાર વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો દાખલ કર્યો હતો.



ફરિયાદ નોંધાવતાં ઋત્વીક રાઠોડે જણાવ્યું હતું કે અમે ત્રણ ભાઇઓ અને એક બહેન છીએ. જેમાં સૌથી મોટો રોહિત છે. ગુરૂવારે સાંજે હું અટલ સરોવર નજીક જાહેરાતના બોર્ડ લગાવડવાનું કામ કરતો હતો ત્યારે મારી સાથે સાહિલ વાળા પણ હતો. રાતે સાડા નવેક વાગ્યે સાહિલે મને વાત કરી હતી કે તારા ભાઇ રોહિતને પ્રકાશ નામના શખ્સે છરીના ઘા માર્યા છે, તેની જાણ મારા ભાઇ રણજીતે મને કરી છે. આથી મેં તુરત જ મારા ભાઇ રોહિતને ફોન જોડતાં આ ફોન ૧૦૮ના સ્ટાફે ઉપાડ્યો હતો અને કહ્યું હતું કે તમે સિવિલ હોસ્પિટલે આવો. આ પછી હું, મારા માતા-પિતા, રણજીતભાઇ સહિતના હોસ્પિટલે પહોંચ્યા હતાં. અહિ મારા મોટા ભાઇ રોહિતને ઇમર્જન્સી વોર્ડમાં દાખલ કરાયો હતો. તેને ગળા પર બે ઘા, વાંસાના ભાગે સાત આઠ ઘા, પડખામાં એક અને સાથળમાં એક ઘા જોવા મળ્યો હતો. રોહિતને ગંભીર ઇજાઓ થઇ હતી. અમે તેને બોલાવતા તે કંઇ બોલતો નહોતો. બાદમાં મેં રણજીત સોમાભાઇ વાળાને આ બાબતે પુછતાં રણજીતે કહેલું કે હું રાતે સરધાર પાસે હતો ત્યારે સાડા નવેક વાગ્યે તારા ભાઇ રોહિતે ફોન કરી કહેલુ કે હું અને પ્રકાશ પરમાર બંને એકટીવામાં દેવપરાથી માલિયાસણ જતાં હતાં અને હું એક્ટીવા ચલાવતો હતો ત્યારે માલિયાસણ નજીક નવા રીંગ રોડ પર પહોંચતા પ્રકાશે ચાલુ વાહને મને પાછળથી છરીના ઘા માર્યા છે. જેથી મેં તમારી સાથે કામ કરતાં મારા ભાઇ સાહિલને આની વાત કરી હતી. જો કે પ્રકાશે મારા ભાઇને શું કામ છરીના ઘા માર્યા તે અંગે રોહિતે રણજીતને કહ્યું નહોતું. રોહિત પર તેનો મિત્ર પ્રકાશ છરીથી હુમલો કરતો હતો ત્યારે એક ભરવાડ સમાજના ભાઇ વચ્ચે પડતાં તેણે પણ પ્રકાશે છરીથી ઇજા કરતાં એ ભાઇએ ગોકુલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. મારા ભાઇને ગંભીર ઇજા પહોંચી હોઇ અમે તેને સિવિલ હોસ્પિટલમાંથી ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતાં. મારા ભાઇને મારી નાખવાના ઇરાદે પ્રકાશે છરીના આડેધડ ઘા મારી તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો. તેમ વધુમાં ઋત્વીક રાઠોડે જણાવતાં કુવાડવા પોલીસ ઇન્સ્પેક્ટર બી. પી. રજયાના રાહબરીમાં પીએસઆઇ એમ. જી. સોલંકી અને સ્ટાફે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ભરતન બસીયાએ આરોપીને તત્કાળ શોધી કાઢવા સુચના આપતાં ક્રાઇમ બ્રાંચની ટીમે દોડધામ શરૂ કરી હતી. એ દરમિયાન પીઆઇ સી. એચ. જાદવ, પીએસઆઇ એ. એન. પરમારની ટીમના એએસઆઇ જલદિપસિંહ વાઘેલા, કોન્સ. ગોપાલ પાટીલ, મોહિલરાજસિંહ ગોહિલની બાતમી પરથી આરોપી ઓગણીસ વર્ષના પ્રકાશ ઉર્ફે કાળુ જીતેશભાઇ પરમાર (મુળ ગામ પારેવાડા તા. જસદણ, હાલ જંગલેશ્વર-૨૫/૨૬, ભાડેથી)ને દબોચી લઇ કુવાડવા પોલીસને સોંપ્યો હતો. આરોપી પ્રકાશે પ્રાથમિક પુછતાછમાં કબુલ્યું હતું કે તેણે મિત્ર રોહિત પાસે કટકે કટકે અમુક રકમ લીધી હતી. ગત રાતે બંને ભેગા થઇ આટો મારવા નીકળ્યા ત્યારે રોહિતે પૈસાની ઉઘરાણી કરતાં પોતાની પાસે હાલમાં નથી તેમ કહેતાં બોલાચાલી થતાં રોહિતે વાહન ઉભુ રાખી દીધુ હતું અને બાદમાં ઝઘડો વધી જતાં તેણે છરીના ઘા મારી દીધા હતાં. પોલીસ ઇન્સ્પેક્ટર એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામરો, પીઆઇ સી. એચ. જાદવ, પીએસઆઇ એ. એન. પરમાર, એએસઆઇ જલદિપસિંહ વાઘેલા, હરદેવસિંહ જાડેજા, હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, કોન્સ. હરસુખભાઇ સબાડ, મહાવીરસિંહ ચુડાસમા, મોહિલરાજસિંહ ગોહિલ, ગોપાલ પાટીલ, અર્જુનભાઇ ડવ સહિતે આ કામગીરી કરી હતી. આગળની તપાસ કુવાડવા રોડ પોલીસ કરશે.

ગરીબ દર્દીઓના પૈસા ન લઈને દર્દીને ભાડાના પણ પૈસા આપતા અનન્ય સેવાભાવી...

# ડો. કણસાગરાના ૭૫માં જન્મદિવસે અમૃત મહોત્સવની ઉમંગભેર ઉજવણી

લગ્નની ૫૦ વર્ષેની ગોલ્ડન જ્યુબિલી પણ હર્ષોલ્લાસ સાથે તબીબી મિત્રો સાથે ઉજવતા ડો. કણસાગરા





પરસોત્તમ રૂપાલા


કણસાગરા દંપતિ


ભાસ્કર સુરેજા

રાજકોટ મિરર, તા.૭

સમાજ માટે પોતાનું તન, મન, ધન અર્પણ કરી દેનાર કોઈ સુયોગ્ય વ્યક્તિનું જાહેર સન્માન થાય ત્યારે સૌને સંતોષ અને આનંદની લાગણી થાય છે. આવો જ એક સન્માન સમારોહ તા. ૦૪/૦૩/૨૦૨૫ ના રોજ રાત્રે ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી રાજકોટના હેમુ ગઢવી હોલમાં યોજાઈ હતો. બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટની સ્થાપનામાં સિંહફાળો રહ્યો છે એવા ડો. પ્રદીપ કણસાગરાનો સન્માન પ્રસંગ હતો. બે સુયોગ ભેગા થયા. ડો પ્રદીપ કણસાગરાને ૭૫ વર્ષે પુરા થવામાં છે તેમજ એમના લગ્નજીવનને ૫૦ વર્ષ પૂણ થયા છે. આવા શુભ અવસરને શણગારવા રાજકોટના સંસદ સભ્ય પુરુષોત્તમ રૂપાલાના મુખ્ય અતિથીપદે આ સમારંભનું આયોજન પૂવ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાની અને જાણીતા કેન્સર સજન ડો. જીજ્ઞેશ મેવાની આગેવાની હેઠળ જુદીજુદી સંસ્થાઓ દ્વારા થયું હતું.

ડો. વલ્લભભાઈ કથીરિયા દ્વારા સૌને આવકારાયા હતા. અને ડો.પ્રદીપભાઈ કણસાગરાની ૭૫માં જન્મદિવસના અમૃત મહોત્સવની અને લગ્નની ૫૦ વર્ષેની ગોલ્ડન જ્યુબિલીની શુભેચ્છા પાઠવી હતી. જૂની યાદ તાજી કરતા તેઓએ જણાવેલ કે જયારે તેઓ મેડીકલમાં અભ્યાસ કરતા હતા.

ડો. પ્રદીપભાઈ કણસાગરા સિવિલ હોસ્પિટલમાં યુરોલોજી વિભાગમાં સીનીયર રજીસ્ટ્રાર હતા, એ સમયે તેમના ગામના દર્દને યુરોલોજીની સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવ્યા હતા. ડો. પ્રદીપએ દર્દને તપાસ્યા બાદ કહ્યું કે ચિંતા છોડી દો, ત્યારબાદ દર્દોની ખુબ જ કાળજી લીધી હતી. ડો. પ્રદીપભાઈએ જયારે રાજકોટમાં પ્રાઈવેટ પ્રેકટીશ શરુ કરી ત્યારે હું ઈન્ટનેશીપ કરતો હતો. ડો. પ્રદીપભાઈનો ડ્રીમ પ્રોજેક્ટ બી.ટી. સવાણી કીડની હોસ્પિટલના નિર્માણમાટે શરૂઆતથી જ સાથે હતો અને જયારે જમીન સંપાદન કરવા તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને મળવા ગયા ત્યારે મે ભલામણ કરી સહકાર આપ્યો હતો. ડો. પ્રદીપભાઈના ગુણ જણાવતા કહ્યું હતું કે તેઓ આજે પણ વિધાર્થી છે, યોગાના સર્ટીફાઈડ ટીચર છે અને આજે પણ તેઓ સંગીત શીખે છે, તેમના જીવનમાંથી ઘણું શીખવા જેવું છે.

જોય એકેડેમીના ફાઉન્ડર ડાયરેક્ટર ભાસ્કરભાઈ સુરેજા ખાસ અમેરિકાથી પધાર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, કે તેમને પથરીનો દુ:ખાવો થયેલ ત્યારે તેઓ રાજકોટમાં ડો. પ્રદીપભાઈ પાસે આવ્યો હતો..

તેમણે પોતે કરાવેલ ઓપરેશનનો ચેકો બતાવેલ અને કહ્યું કે પથરીનો દુ:ખાવો કેવો થાય તે મને ખ્યાલ છે. અમને ખુબ આશ્વાસન આપ્યું હતું.

આ ઉપરાંત કોરોના કાળમાં જોય એકેડેમીની સ્થાપના ડો. પ્રદીપભાઈ સાથે કરી અને અનેક આરોગ્યલક્ષી અને મોટીવેશનલ વેબિનાર કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે આજે પણ અમોને અમેરિકામાં પણ જુદાજુદા કામ સોંપીને સમાજના કાર્યા માટે સતત દોડાવે છે.

આ પ્રસંગે ઉદઘોષક તરીકે અદ્ભુત સંચાલન કણસાગરા કોલેજના પ્રો. સંજયભાઈ કામદાર કરીને આગવી છટાથી સૌને પ્રભાવિત કર્યા હતા.

એમનું આજ સુધીનું સમગ્ર જીવન એક સેવા યજ્ઞ બની ગયું છે. ૧૫ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ તેઓ પોતાના જીવનના ૭૫ વર્ષે પૂણે કરવા જઈ રહ્યા છે ત્યારે એમને અને એમના ધર્મપત્ની કિરણબેનનું રાજકોટ, અમરેલીની વિવિધ સંસ્થાઓ દૂવારા સુયોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

અમરેલી કમાણી ફોરવડે હાઈસ્કૂલમાં એમના સહાધ્યાયી મિત્ર એવા રતિલાલ ગણાત્રા અને ભુપેન્દ્રભાઈ રૂપારેલીયા, સ્વામી વિવેકાનંદ વિદ્યા ભારતી ટ્રસ્ટ અમરેલી વતી હર્ષેદભાઈ ઠક્કર અને શરદભાઈ ભીમજીયાણી. રોટરી કલબના રોટરીયન જયદીપભાઈ વાઢેર-પ્રેસિડેન્ટ, નીલેશભાઈ ભોજાણી-પાસ્ટ પ્રેસિડેન્ટ, જયદેવ શાહ પ્રેસિડેન્ટ-ઈલેક્ટ, પ્રવીણભાઈ પટેલ-પાસ્ટ પ્રેસિડેન્ટ, ભાવેશભાઈ વેગળા-પાસ્ટ પ્રેસિડેન્ટ, ડો,. કેતન બાવીશી-પાસ્ટ પ્રેસિડેન્ટ, અમિત રાજા-પાસ્ટ પ્રેસિડેન્ટ, મનિષ પટેલ, રાજેશ પરસાણા, વસંત રામાણી, ડો. કાર્તિક સુતરીયા, સરજુભાઈ પટેલ, ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડો. કાંત જોગાણી અને તેમની કમિટી, આ તમામ મહાનુભાવોએ ડો. પ્રદીપ કણસાગરાની સેવાઓને ખુબ બિરદાવીને અભિવાદન કર્યું હતું.

કાર્યક્રમના અંતમાં, જાણીતા કેન્સર સર્જન ડો. જીજ્ઞેશ મેવાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઋષિ-મુનિઓ જેવું જ જીવન જીવી કણસાગરા બન્યા સૌ માટે પથદર્શક : સગપરીયા

અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા નિવૃત સરકારી અધિકારી(વર્ગ-૧) અને મોટીવેશનલ સ્પીકર શૈલેશભાઈ સગપરીયાએ જણાવ્યું હતું કે રૂષિમુનિઓએ આપણા જીવનના ચાર જુદાજુદા ભાગ પાડ્યા છે. તેનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું હતું અને બધું ડો.પ્રદીપભાઈએ સાર્થક કરીને આદર્શ દ્રષ્ટાંત પુરવાર પુરવાર કર્યું છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ડો. પ્રદીપભાઈના જીવન પર એક પુસ્તક લખાવું જોઈએ, જેઠ ભાવી પેઢીને એમાંથી પ્રેરણા મળે.

## દર્દીને ભાડાના પૈસા પણ આપતા ડો. કણસાગરા

ડો. જગદીશ કણસાગરાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રના વિધાર્થીઓ બી.જે. મેડીકલ કોલેજમાં માત્ર ૧ ટકા જ હોવા છતાં ડો. પ્રદીપભાઈ બી.જે. મેડીકલ કોલેજમાં જી.એસ. બન્યા હતા. એ પ્રસંગને સુંદર રીતે વર્ણવ્યો. અમે ડો.પ્રદીપભાઈ સાથે પ્રેક્ટીશ કરતા અને તેઓ ગરીબ દર્દીઓ પાસેથી ઓપરેશનની ફી ન લેતા અને દર્દીઓને ભાડાના પૈસા પણ આપતા હતા.

## ડો. કણસાગરાએ જાતે સામાન ઉપાડ્યો ! રાજુભાઈ મહેતા

સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્રના આચાર્ય-ટ્રસ્ટી રાજુભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્રની સ્થાપના ડો.પ્રદીપભાઈ સાથે મળીને કરાઈ હતી. શરૂઆતમાં કણસાગરા હોસ્પિટલના બેઝમેન્ટમાં ધ્યાન શિબિર કરતા. જયારે રાજકોટમાં વિપશ્યના શિબિરનું સ્થળ ઓચિંતા ફેરવવાનું થયું ત્યારે તેઓએ ડોક્ટર મટીને સામાન્ય માણસની જેમ સમાન જાતે ફેરવીસહકાર આપ્યો હતો.

## માતાને આપી ગજબની શાંત્વના : ડો. કાકડીયા

ઈન્ડીયન મેડીકલ એસોસિએશન, ગુજરાત સ્ટેટના પાસ્ટ પ્રેસિડેન્ટ ડો. ભરતભાઈ કાકડીયાએ જણાવ્યું હતું કે તેઓએ જયારે મેડીકલ કોલેજમાં એડમીશન લીધું ત્યારે તેમને ઘરથી દૂર જવાનું હોવાથી તેમના માતા ચિંતામાં રહેતા હતા અને રડતા રહેતા હતા, ત્યારે પ્રદીપભાઈ ઘરે આવ્યા અને તેમની માતાને તેમને ઘરે જઈને સાંત્વના આપી હતી. પછી તેમના માતૃ હિંમતમાં આવી ગયા હતા. આ પ્રકારની મેડીકલ સિવાયની પણ કામગીરી કરે છે.

## પિતાના સદ્દગુણો ડો, કણસાગરામાં ઉતર્યા : પુરૂસોત્તમ રૂપાલા

આ સમારંભમાં મુખ્ય અતિથી તરીકે રાજકોટના સંસદ પુરુષોત્તમભાઈ રૂપાલાએ એમના વક્તવ્યમાં કહ્યું હતું કે ડો. પ્રદીપ કણસાગરાના પિતા જીણાભાઈ કણસાગરા વર્ષા સુધી એમના વિસ્તારના ધારાસભ્ય રહ્યા. એ રાજકારણ કે રાજનીતિ નહોતા કરતા. તેઓ એક આદર્શ લોકસેવક હતા. તેમના જીવન દરમ્યાન એમણે ગામડાઓના વિકાસ માટે પાયાનું કામ કર્યું હતું. રાજકારણ કે રાજનીતિ એમના લોહીમાં નહોતા. ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે સહકારી પ્રવૃતિ ક્ષેત્રે એમણે જે કામ કર્યું એના પરિણામ સ્વરૂપે અમરેલી જીલ્લો આજે રાજકીય ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરે છે. જીણાભાઈ કણસાગરાના નીસ્વાર્થે લોક્સેવાના ગુણ ડો.પ્રદીપભાઈમાં પૂર્ણ રીતે ખીલ્યા છે. અમરેલીની કમાણી ફોરવડ હાઈસ્કૂલમાં-એમના અભ્યાસ દરમ્યાન એમનું ઉમદા ઘડતર થયું. આજે જયારે મેડીકલ ક્ષેત્રે આર્થિક બાબતો અંગે વગોવણીનો સામનો કરે છે તેવા સમયમાં ડો. પ્રદીપભાઈ કણસાગરા જેવા નિઃસ્વાર્થ સમાજસેવાના આદર્શ ઉદાહરણ છે એ ખરેખર આનંદ અને ગૌરવની વાત છે. આ પરિવાર આજે પણ એમના ગામ સાથે નજદીકથી જોડાયેલ છે. એ એમનો કોટુંબિક વારસો છે. તબીબી ક્ષેત્રે એમની સેવાઓ સમાજ માટે આદર્શરૂપ છે.

## મારી પ્રગતિમાં ઈશ્વરીય કૃપા અને માતા-પિતાના સંસ્કારનો સિંહફાળો : ડો. કણસાગરા

આ પ્રસંગે ડો. પ્રદીપભાઈએ સૌ લોકોની ઉમદા લાગણી અને સુંદર પ્રતિભાવ માટે સૌનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, આજે હું મારા જીવનમાં જે પણ કાઈ પ્રાપ્ત કરી શક્યો છું એ ઈશ્વરની કૃપા, મારા માતા પિતાના સંસ્કાર તથા સૌના સહકારથી મેળવ્યું છે. તેઓએ જણાવ્યું હતું કે મારી ૭૫ વર્ષની જીવનયાત્રામાં ઘણા લોકોએ મદદ કરી છે તેમનો હું હ્રદય પૂર્વક આભાર માંનું છું. બી.ટી.સવાણી કિડની હોસ્પિટલની પ્રોજેક્ટની સફળતામાં દિલદાર દાતાઓ, મારા ટ્રસ્ટી મિત્રો, ડોકટરો, હોસ્પિટલ સ્ટાફ, સૌના સહકારથી શક્ય બન્યું છે.

## સરકારે આપવો જોઈએ પુરસ્કાર

ગુજરાત સર્જન્સ એસોસિએશનના પાસ્ટ પ્રેસિડેન્ટ ડો. સુશીલ કારિયાએ જણાવ્યું હતુંકે ડો.પ્રદીપભાઈ સાથે મેડીકલ પ્રેકટીશ શરું કરી અને મેડીકલ કેમ્પ કરતા. તેમની સારી સમાજ સેવા અને પ્રતિભા માટે સરકાર તરફથી પુરસ્કાર મળવો જોઈએ તેવી ભલામણ કરી હતી. જાણીતા હાર્ટ સ્પેશ્યાલીસ્ટ અને મોટીવેશનલ સ્પીકર ડો. કમલ પરીખે જણાવ્યું હતું કે અમેરિકામાં તેઓએ જોય એકડેમીની શરૂઆત કરી ત્યારથી હું તેનો સાક્ષી છું કે તેઓએ માત્ર ભારત કે અમેરિકા જ નહી પરંતુ વિશ્વના અનેક દેશોમાં લોકોને ઉંમર રીવર્સ કરવા માટે પ્રોત્સાહિત કરતા હતા. જાતે દ્રષ્ટાંતરૂપ થઈ પોતાનું વજન, બ્લડપ્રેસર, ઘટાડ્યું, ડાયાબીટીસની દવાઓ બંધ થઈ અને તંદુરસ્ત જીવન માટે દ્રષ્ટાંત પૂરુ પાડીને બીજાને પ્રેરણા આપે છે.

## ડો. કણસાગરાએ કીડની હોસ્પીટલનો નાખ્યો પાયો : ડો. વિવેક જોશી

બી.ટી.સવાણી કીડની હોસ્પીટલના મેનેજીંગ ટ્રસ્ટી અને ચીફ યુરોલોજીસ્ટ ડો. વિવેક જોષીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં કીડની હોસ્પિટલ સ્થાપવાનું વિચારબીજ ડો. પ્રદીપભાઈએ રોપ્યું છે અને શહેરના શ્રેષ્ઠીઓ, દાતાઓ અને ટ્રસ્ટીમિત્રોના સહયોગથી કીડની હોસ્પિટલનું નિર્માણ કર્યું હતું. નિર્માણ બાદ ડો.પ્રદીપભાઈને અમેરિકા સ્થાયી થયા, પરંતુ તેઓ અમેરિકામાં બેઠા કિડની હોસ્પિટલની ચિંતા કરતા હોય છે અને અમોને સતત માર્ગદર્શન પૂરું પાડે છે. તેઓએ જણાવ્યું હતું કે જયારે મેં યુરોલોજીની ડીગ્રી મેળવી રાજકોટ પ્રેકટીશ શરું કરી ત્યારે ડો. પ્રદીપભાઈએ મને હરીફ ગણવાને બદલે મને મિત્ર ગણી આવકાર્યો હતો અને સાથ-સહકાર આપ્યો હતો. તેવી જ રીતે નવા યુરોલોજીસ્ટને પ્રેકટીશ કરવાનું પ્લેટફોર્મ પૂરું પાડતા હતા.

ભારતીય સેનામાંથી રાજકોટના યુવાન નિવૃત થતાં સાથી કર્નલે ફોન કરી નિવૃતીના નાણા મળે તેનું રોકાણ કરવાથી મહિને આઠ ટકા વળતર મળશે કહી લલચાવી ફ્રોડ આચર્યુ: મોટા ભાગની રકમ પાછી આપી દીધી બાકીની ન આપતાં ફરિયાદ

# નિવૃત ફૌજી, ત્રણ કર્નલ સાથે ૧.૪૬ કરોડની ઠગાઈ

રાજકોટઃ અમુક લોકો ગમે તે સ્થાન પર હોય પરંતુ તેઓ કોઈપણ કારણોસર ગામને છેતરવાના રસ્તે ચડી જતાં હોય છે. આવી એક ઘટના સામે આવી છે જેમાં રાજકોટ શહેરના મવડી ૧૫૦ રીંગ રોડ પર રહેતાં નિવૃત ફૌજી યુવાન સાથે પુણે યેરવડા ખાતે રહેતાં હાલ ભારતીય સેનામાંથી ડિસમીસ કરી દેવાયેલા કર્નલે રોકાણ પર વળતરના નામે લાખો રૂપિયા મેળવી અમુક રકમ પરત આપી દઈ છેલ્લે અગિયાર લાખ ચાલીસ હજાર રૂપિયા ન ચુકવી છેતરપીંડી કરતાં તાલુકા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. આ નિવૃત ફૌજીએ તપાસ કરતાં ખબર પડી હતી કે પોતાને છેતરનારા કર્નલે ભારતીય સેનાના બીજા ત્રણ કર્નલોને પણ છેતર્યા છે. આ રીતે આ કર્નલે કુલ ૧,૪૬,૪૦,૦૦૦નું ફ્રોડ કર્યુ હતું.

છેતરપીંડીના આ બનાવની પોલીસ દફ્તરેથી પ્રાપ્ત માહિતી પર અને ફરિયાદ-એફઆઈઆરની વિગતો પર નજર કરીએ તો તાલુકા પોલીસે મવડી એકસો પચાસ ફુટ રીંગ રોડ પર બાલાજી હોલ પાસે ડ્રીમલેન્ડ એપાર્ટમેન્ટ બી-૨૦૧માં રહેતાં નિવૃત આર્મીમેન હિતેશભાઇ મુંગરાની ફરિયાદ પરથી મહારાષ્ટ્રના યેરવડા પુણે ખાતે રહેતાં ધનાજીરાજ શીવાજીરાવ પાટીલ વિરૂધ્ધ છેતરપીંડીની ફરિયાદ દાખલ કરી છે. નિવૃત ફૌજી હિતેષભાઇ મુંગરાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને ૨૦૦૩માં ભારતીય સેનામાં ભરતી થયો હતો. ત્યારબાદ ૨૦૨૦માં મેં સેનામાંથી નિવૃતી લીધી છે. મારે એસબીઆઇ બેંકમાં ખાતુ છે. મારુ છેલ્લુ પોસ્ટીંગ નાસીક ખાતે હતું ત્યારે અમારા કંપની કમાન્ડર લેફ્ટનન્ટ કર્નલ ધનાજીરાવ શીવાજીરાવ પાટીલ (રહે. બંગલા નંબર-૪૫, નોટીંગ હીલ પ્રાઇડ-૧ સીટી ડી.વાય. પાટી ચરોલી યેરવડા પુણે) હોવાથી હું તેને ઓળખુ છું.

નિવૃત જવાને આગળ કહ્યું હતું કે હું નાસિક ખાતેથી તા. ૩૧/૩/૨૦ના રોજ સેનામાંથી નિવૃત થયેલો અને મે-૨૦૨૦માં રાજકોટ આવી ગયો હતો. જુલાઇ-૨૦૨૦માં મને મારા લેફ્ટનન્ટ કર્નલ ધનાજીરાવ પાટીલે ફોન કરી કહેલુ કે તમારા રિટારમેન્ટ પછી જે પૈસા



આવવાના છે તે તું મને આપજે, હું સારી જગ્યાએ રોકાણ કરી દર મહિને ૮ ટકા જેટલુ વળતર ૩૦ મહિના સુધી આપીશ. તેમજ દર ત્રણ મહિને અમુક ટકા રકમ પણ પરત આપતો જઇશ. જેથી મેં પહેલા તો અસહમતી દર્શાવી હતી. પણ બાદમાં વારંવાર ધનાજીરાવ મને ફોન કરતાં હું મેં નાસ્કિ ખાતે બે વર્ષ નોકરી કરી હોઇ ત્યારે તેઓ કર્નલ હોઇ જેથી મને તેના પર વિશ્વાસ આવી ગયો હતો. આથી મેં તેને ૧૫/૯/૨૦ના રોજ મારા બેંક એકાઉન્ટમાંથી રૂા. ૭,૫૦,૦૦૦ તેને ચેક દ્વારા અ)પ્યા હતાં. એ પછી મારા સાઢુભાઇ અમિતભાઇ વિઠ્ઠલભાઇ દુધાત્રાના બેંક એકાઉન્ટમાંથી રૂા. ૩ લાખ મોકલ્યા હતાં. આ ઉપરાંત ૧૩/૧૦/૨૦ના રોજ ફરી મારા એકાઉન્ટમાંથી ૯,૫૦,૦૦૦ ધનાજીરાવને મોકલ્યા હતાં.

ત્યારપછી ફરી ૧૪/૧૦/૨૦ના રોજ રૂા. ૫ લાખ, ૧૫/૧૦ના રોજ ફોન પેથી ૧ લાખ મોકલ્યા હતાં. ત્યારપછી કર્નલે મને બંગ્લોર નજીક આવેલ તુમકુર ખાતે આવેલી તેમની મેસર્સ કર્નલ પાટીલ્સ કન્સલટન્સી કંપનીમાં નોકરીની ઓફર કરી હતી. જેથી હું ત્યાં નોકરી કરવા જતાં મને ૩૫ હજાર પગારનીઓફર કરી હતી.

એ પછી મેં બેંગ્લોર પાસે તુમકુરમાં તેની કંપનીમાં એપ્રિલ-૨૦૨૨ સુધી નોકરી કરી હતી. ત્યારબાદ તા. ૧/૧૨/૨૦ના રોજ ધનાજીરાવ મને મળાવ તુમુકર-બેંગ્લોર આવ્યા હતાં. ત્યારે મેં તેની પાસે મારા લેણા નીકળતા રૂપિયા માંગતા તેણે તા. ૧/૧૨/૨૦ના રોજ ૩ લાખનો ચેક આપ્યો હતો. એ પછી મેં ૧/૧૨/૨૦ના રોજ ફરી ૧ લાખ અને ફોનપેથી ધનાજીરાવના ખાતામાં જમા કરાવ્યા હતાં. ૩/૧૨/૨૦ના ફરી મેં ૧ લાખ તેને આપ્યા હતાં. આ પછી ૪,૫૦,૦૦૦ ચેકથી મેં ધનાજીરાવના ખાતામાં જમા કરાવ્યા હતાં.

ત્યારબાદ મેં ફોનપેથી ફરી ૫૦ હજાર જમા કરાવ્યા હતાં. તેમજ ધનાજીરાવના ડિફેન્સ સેલેરી પેકેજ એકાઉન્ટમાં પણ ૩૮ લાખ જમા કરાવ્યા હતાં. ૧૩/૧/૨૧ના રોજ ધનાજીરાવની કંપનીનું જીએસટી રજીસ્ટ્રેશન થયું હતું. એ પછી એપ્રિલ-૨૦૨૧માં ધનાજીરાવનો દિકરો નરેન પાટીલ મને બેંગલોર કંપની ખાતે મળવા આવ્યો હતો. ત્યારે મેં નરેનને પણ મારા બાકી નીકળતા પૈસા બાબતે વાત કરતાં તેણે પણ મને પૈસા આપી દેશે તેવી બાહેંધરી આપી હતી. બાદમાં મારે પૈસાની જરૂર પડતાં મેં માંગણી કરતાં ધનાજીરાવે જુન-૨૦૨૧માં ૧૭ લાખ ચેકથી આપ્યા હતાં. ત્યારબાદ મેં બીજા ૨૧ લાખ માંગતા તેણે મને કહેલુ કે મારી દિકરીને મારે વિદેશ મોકલવાની છે જેથી હાલ પૈસા નથી, તમને મને ૩ લાખ સામે આપો હું થોડા સમયમાં તમામ રકમ આપી દઇશ. જેથી મેં ફરી તેના પર વિશ્વાસ મુકી ફોન પેથી ત્રણ કટકે ત્રણ લાખ દીધા હતાં. મારી પાસે ધનાજીરાવને રૂપિયા આપ્યાનું લેખીતમાં કોઇ લખાણ નહોતું. આથી મેં લખાણ કરવાનું કહેતાં તેણે બેંગ્લોર નોટરી બોલાવી લખાણ કરાવ્યું હતું. ત્યારે મારી પાસે અને અન્ય આર્મી મેન પાસે અંગ્રેજી ભાષામાં કોઇ લખાણ કરાવ્યું હતું. તેમાં મેં સહી કરી હતી. પરંતુ કયા ડોક્યુમેન્ટ હતાં તેની મને ખબર નહોતી. તે વખતે અમને સિક્યુરીટી પેટે ચેક પણ આપો તેવું ધનાજીરાવને અમે કહેતાં તેણે ના પાડી હતી. જેથી અમે તેને કહેલુ કે જો નાણા નહિ આપો તો ફરિયાદ કરીશું. આથી તેણે તેલંગણા રાજ્યના પોલકમપલ્લી ગામે તેનો પ્લોટ હોઇ તેની કિમત રૂા. ૧૨,૬૦,૦૦૦ની છે તે મારા નામે કરી આપ્યો હતો. એ પછી પણ મારે તેની પાસેથી રૂા. ૧૧,૪૦,૦૦૦ લેવાના નીકળતા હતાં. પરંતુ તે વાંરવાર ઉઘરાણી કરવા છતાં અમને આ રકમ આપતા ન હોઇ તપાસ કરી હતી.

આથી મને બીજા મિત્રો મારફત જાણવા મળેલુ કે ધનાજીરાવે બીજા ભારતીય સેનાના કર્મચારીઓ, અધિકારી જેમાં હરીશચંદ જોષી સાથે રૂા. ૫૧ લાખની, કર્નલ પ્રતાપ સાથે રૂા. ૩૭ લાખની અને કર્નલ બેનાલકર સાથે રૂા. ૪૭ લાખની છેતરપીંડી કરી છે. તેમજ આ બધાએ આર્મી હેડક્વાર્ટર દિલ્હી ખાતે ઓગષ્ટ-૨૦૨૨માં ધનાજીરાવ વિરૂધ્ધ ફરિયાદ કરતાં ધનાજીરાવને ૧૯/૫/૨૩ના રોજ ભારતીય સેનામાંથી ડીસમીસ કરી દેવાયેલ છે. આ રીતે ધનાજીરાવે અમારા રીટાયરમેન્ટના રૂપિયા આવવાના હોઇ તે રોકાણ કરી વળતર આપવાની લાલચ દઇ મારી પાસેથી કટકે કટકે કુલ ૪૧ લાખ મેળવી તેની સામે ૧૭ લાખ પાછા આપી બાકીના ૧૨,૬૦,૦૦૦નો પ્લોટ આપી છેલ્લે ૧૧,૪૦,૦૦૦ ન ચુકવી ઠગાઇ કરી હોઇ અંતે હવે ફરિયાદ કરવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં નિવૃત ફૌજી હિતેષભાઇ મુંગરાએ જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શનમાં હેડકોન્સ. મયુરભાઇ ઠાકરે ગુનો દાખલ કરતાં પીએસઆઇ બી. વી. સરવૈયાએ વિશેષ તપાસ શરૂ કરી છે. આ બનાવે ભારે ચર્ચા જગાવી છે.

પુણે રહેતાં અને નાસિક ફરજ બજાવતાં કર્નલ ધનાજીરાવ પાટીલની કરતુતો ઉઘાડી પડતાં તેને ભારતીય સેનામાંથી ડિસમીસ કરી દેવાયેલઃ તાલુકા પોલીસે તપાસ શરૂ કરી

# અપમૃત્યુની ચાર ઘટનાઃ ખુંટીયાની ઢીંક અને હાર્ટએટેકથી બે જીવ ગયા

## બે મહિલા ઘરે બેભાન થઇ ગયા બાદ દુનિયામાંથી વિદાય લીધીઃ પરિવારજનોમાં ગમગીની

રાજકોટઃ અપમૃત્યુની ઘટનાઓ યથાવત રહી હતી. જેમાં રખડતા ઢોરની ઢીંક એક આધેડના મોતનું કારણ બની હતી. તો એક રિક્ષાચાલકનું હાર્ટએટેકથી મોત થયું હતું. જ્યારે બે મહિલાના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તોઉનાના ભીમપરામાં રહેતાં રમેશભાઇ ગુલાબભાઇ સોલંકી નામના પિસતાલી વર્ષના આધેડ ગામમાં ચાલીને જતાં હતાં ત્યારે ખુંટીયાએ ઢીંક મારી પછાડી દેતાં ગંભીર ઇજા થતાં ઉના, રાજકોટ ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જાણવા મળ્યા મુજબ ઉનાના ભીમપરામાં રહેતાં રમેશભાઇ ગત ૨૭/૨ના રોજ ગામમાં ચાલીને જતાં હતાં ત્યારે સાંજે છએક વાગ્યે ખુંટીયાએ ઢીંક મારી પછાડી દેતાં ગંભીર ઇજા થઇ હતી. સારવાર કારગત ન નીવડતાં સ્વજનો શોકમાં ડુબી ગયા હતાં. રમેશભાઇ ત્રણ ભાઇમાં નાના હતાં અને છુટક મજુરી કરતાં હતાં. તેને સંતાનમાં બે પુત્ર છે.

અન્ય બનાવમાં હાર્ટએટેકથી મૃત્યુનો સિલસિલો યથાવત રહ્યો હતો. રાજકોટના પાડાસણ ગામના રિક્ષાચાલકનું હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું છે. તો અન્ય બનાવોમાં બેભાન હાલતમાં મોરબી રોડના મહિલા અને માલધારી સોસાયટીના મહિલાએ દમ તોડી દીધો હતો. પાડાસણ ગામે રહેતાં પિસ્તાલીસ વર્ષના લક્ષ્મણભાઇ સોમાભાઇ રાઠોડ નામના રિક્ષાચાલક રાતે ઘરે એકાએક બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તે બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્રી અને ત્રણ પુત્ર છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું.

જ્યારે બેભાન હાલતમાં બે મૃત્યુ થયા હતાં. મોરબી રોડ પર જય જવાન જય કિસાન સોસાયટી ૨૫ વારીયામાં રહેતાં છેતાલીસ વર્ષના હંસાબેન શંકરભાઇ વાઘરોડીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયુ હતું. તેને સંતાનમાં બે પુત્ર છે. પતિ રિક્ષાચાલક છે. ટીબી, શ્વાસની બિમારી હોવાનું સગાએ કહ્યુ.હતું. ત્રીજા બનાવમાં જુના માર્કેટ યાર્ડ નજીક માલધારી સોસાયટી-૧માં રહેતાં પંચાવન વર્ષના મંજુબેન ચંદુભાઇ ભોજવીયાને જુની વાલ્વની બિમારી હોઇ બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેના પતિ બકાલુ વેંચે છે. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. આ તમામ બનાવમાં હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# પાડાસણમાં અરજી કરનારાને કારણ પુછવા જતાં યુવાનનો હાથ ભાંગી નખાયો

## જે અરજી થઇ તે અંતર્ગત પોલીસે પુછતાછ માટે બોલાવ્યો હતોઃ એ પહેલા ધોકાવાળી કરી દેવાઇ



રાજકોટઃ મારામારીના વધુ એક બનાવમાં રાજકોટના બામણબોર પાસેના ગારીડા ગામે રહેતાં અને કારખાનામાં મજૂરી કરતાં ઓગણીસ વર્ષના જેન્તી કુંવરાભાઇ ધરજીયા પર ગામના વાડીના રસ્તે જતો હતો ત્યારે ભૂપત માવજીભાઇ અને અજાણ્યા શખ્સે ધોકાથી હુમલો કરી માર મારતાં ડાબા હાથમાં ફ્રેક્ચર જેવી ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

વિગતો જોઇએ તો જેન્તીએ જણાવ્યું હતું કે હું ભૂપતના ઘર પાસેથી બાઇક લઇને નીકળતો હોઇ તે અંગે તેણે પોલીસને અરજી કરી હતી. ગઇકાલે મને ફોન આવ્યો હતો અને આજે શુક્રવારે મારે પોલીસ સ્ટેશને જવાનું હતું. એ દરમિયાન સાંજે ભૂપત ભેગો થતાં મેં તેને તે શું કામ મારા વિરૂધ્ધ અરજી કરી? તેમ પુછતાં તેણે અને અજાણ્યાએ ધોકાવાળી કરી હતી. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતાં એરપોર્ટ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# નવાગામના આધેડે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધીઃ અગાઉ સળગીને મરવાનો પ્રયાસ કર્યો હતો

રાજકોટઃ આત્મહત્યાની એક ઘટનામાં નવાગામમાં આવેલીમ માંધાતા સોસાયટીમાં રહેતા આધેડે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દેતાં પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તામસી મગજના કારણે તેમણે આ પગલુ ભરી લીધાનું જણાવાયું હતું.

વિગતો પર નજર કરીએ તો માંધાતા સોસાયટી શેરી નં. ૭ માં રહેતા પિસ્તાલીસ વર્ષના મુકેશભાઇ સામતભાઇ કુમારખાણીયાએ પોતાના ઘેર હતા ત્યારે બપોરે જમ્યા બાદ તે પોતાના રૂમમાં સુવા ગયા હતા. સાંજ સુધી રૂમમાંથી બહાર ન આવતા પરિવારજનોએ દરવાજો ખખડાવતા મુકેશભાઇએ દરવાનો જ ખોલતા પુત્ર દરવાજા ઉપર વેન્ટીલેશનમાં જોતા પિતાને લટકતી હાલતમાં જોઇ દેકારો મચાવતા પરિવારજનો એકઠા થઇ ગયા હતા. બાદ દરવાજો તોડયો હતો. કોઇએ ૧૦૮માં જાણ કરતા ગાડી આવી હતી. તેના તબિબે આધેડને મૃત જાહેર કર્યા હતાં. કુવાડવા રોડ પોલીસ મથકના એએસઆઇ કેતનભાઇ સહીતે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતક બે ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતા. તે મજુરી કામ કરતા હતા. સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રી છે. તે તામસી મગજના કારણે તેણે આ પગલુ ભર્યુ હોવાનું જાણવા મળ્યું છે. તેણે અગાઉ પણ સળગીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ વખતે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી.

# હોળી-ધૂળેટી પર્વ ઈફેક્ટઃ વિદેશી દારૂના ૩૧૫ ‘ચપલા’ સાથે ક્રાઇમ બ્રાંચે બે શખ્સને પકડ્યા

## કોટક શેરીમાંથી ઝડપાયેલા બંને શખ્સોનો અગાઉનો પણ ગુનાહિત ઈતિહાસ



રાજકોટઃ શહેર ક્રાઇમ બ્રાંચે વધુ એક વખત વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. હોળી ધુળેટીના તહેવાર નજીક હોઇ દારૂની પ્રવૃતિ અટકાવવાના પ્રયાસના ભાગ રૂપે ક્રાઇમ બ્રાંચે કોટક શેરીમાંથી બે શખ્સોને વ્હીસ્કી, વોડકાના ચપલાઓ સાથે પકડી લીધા હતાં.

આ બંને પાસેથી સાંઇઠ હજારથી વધુની કિમતના અલગ અલગ ૧૮૦ એમએલના ચપલા મળી આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો ક્રાઇમ બ્રાંચ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. વિશાલભાઇદવે અને પ્રદિપસિંહ જાડેજાને મળેલી બાતમી પરથી ગોપાલ સુરેશભાઇ ગમારા (રહે. કોટક શેરી ૩) તથા મુસ્તુફા અમીનભાઇ હાજી (રહે. હાથીખાના-૪/૫)ને કોટક શેરી-૪માંથી પકડી લઇ સ્ટર્લિંગ રિઝર્વના ૧૮૦ એમએલના ૨૪૭૫૦ના ૧૬૫ ચપલા, આઇકોનીક વ્હાઇટ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૧૩૩૦૦ના ૧૩૩ ચપલા, મેજીક મોમેન્ટના ૧૮૦ એમએલના ૨૩૮૫૦ના ૧૫૯ ચપલા, મેજીક મોમેન્ટ ગ્રીન એપલના ૧૮૦૦ના ૧૨ ચપલા અને ઓલ સીઝનના ૧૮૦ એમએલના ૧૮૭૦ના ૧૧ ચપલા મળી રૂા. ૬૦૫૭૦ના દારૂ સાથે પકડી લેવાયા હતાં.

આ બંને શખ્સ પાસેથી રૂા. ૨૫૫૦૦ના મોબાઇલ ફોન પણ કબ્જે કરવામાં આવ્યા હતાં. દારૂ ક્યાંથી લાવ્યા? કોને આપવાનો હતો? તે સહિતની વિગતો ઓકાવવા તપાસ થઇ રહી છે. પોલીસના કહેવા મુજબ ગોપાલ ગમારા અગાઉ એ-ડિવીઝન પોલીમસાં ધમકી, મારામારીના ગુનાઓમાં પકડાયો હતો. જ્યારે મુસ્તુફા અગાઉ ડીસીબી, ભક્તિનગર, એ-ડિવીઝનમાં દારૂ, મારામારીમાં પકડાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ વી. ડી. ડોડીયા, હેડકોન્સ. સંજયભાઇ, દિપકભાઇ, યુવરાજ સિંહ, મયુરભાઇ, રાજેશભાઇ, કોન્સ. વિશાલભાઇ, પ્રદિપસિંહે આ કામગીરી કરી હતી. ઝડપાયેલા બંનેની પુછતાછમાં બીજા નામ ખુલવાની શક્યતા છે.

નાના મવા રોડ મેઘમાયાનગરમાં બનાવથી પરિવારમાં અરેરાટીઃ બત્રીસ વર્ષિય મહિલાના પતિ છે રિક્ષાચાલક

# કપડા સુકવતી વખતે પડી જતાં પરિણીતાની જિંદગી થઇ ખતમ

રાજકોટઃ જિંદગીની સફર ગમે ત્યારે ગમે તે રીતે ખતમ થઇ જતી હોય છે. માણસ એક પળે કંઇક જુદુ વિચારતો હોય છે અને બીજી પળે કંઇક જુદુ જ થઇ જતું હોય છે.

અપમૃત્યુની વધુ એક ઘટનામાં શહેરના નાના મવા રોડ રાજનગર ચોક પાસે મેઘમાયાનગરમાં એક મહિલા પહેલા માળે કપડા સુકવવા ગયા ત્યારે ત્યાંથી પડી જતાં તેમની જિંદગનો કરૂણ અંત આવી ગયો હતો.

ઘટના પર નજર કરીએ તો મેઘમાયાનગર-૪માં રહેતાં બત્રીસ વર્ષના ગીતાબેન હકાભાઇ ગાંગીયા સવારે સાડા દસેક વાગ્યે ઘરમાં પહેલા માળે કપડા સુકવતાં હતાં ત્યારે પડી જતાં ગંભીર ઇજા થઇ હતી. લોહીલુહાણ હાલતમાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં સિવિલ હોસ્પિટલ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇએ જાણ કરતાં માલવીયાનગરના હેડકોન્સ. કે. બી. ઝાલાએ જરૂરી કાર્યવાહી કરી હતી. ગીતાબેનના લગ્ન દસ વર્ષ પહેલા થયા હતાં. તેના પતિ હસમુખભાઇ ઉર્ફ હકાભાઇ રક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. મૃતકના માવતર અમદાવાદ રહેતાં હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અકસ્માતે બન્યાનું સગાએ કહ્યું હતું. મૃતકના માવતર પક્ષના લોકો, પતિ સહિતના તેમજ પડોશીઓના નિવેદન નોંધવા પોલીસે તજવીજ કરી હતી.

**બીજા બનાવમાં વીસ વર્ષના યુવાનને પ્રેમમાં નિષ્ફળતા મળતાં પી લીધું ફિનાઇલ**

બીજી એક ઘટનામાં એક યુવાને પ્રમમાં નિષ્ફળતા મળતાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો. કાલાવડ રોડ પર વામ્બે આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં તુષાર અનિલભાઇ ચુડાસમાનામના યુવાને ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આત્મહત્યાનો પ્રયાસ કરનારા તુષારની ઉમર વીસ વર્ષની છે અને તે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તે બે બહેનથી નાનો અને માતા-પિતાનો એકનો એક આધારસ્તંભ છે. ફિનાઇલ શા માટે પીધું? તે અંગેનું કારણ જણાવતાં તેના સગાએ કહ્યું હતું કે તુષારને એક યુવતિ સાથે પ્રેમ હતો. પરંતુ યુવતિનું સગપણ બીજે નક્કી થઇ જતાં આઘાતને કારણે તે ફિનાઇલ પી ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી.

# ગાડી વ્યવસ્થિત ચલાવવાનું કહી ઝીંક્યા ધોકાના ઘા

રાજકોટ મિરર તા.૭

રાજકોટના જેતપુર માર્કેટિંગ યાર્ડમાં મરચાની ગાડી ખાલી કરવા આવેલા યુવાનને જેતપુર ખીરસરા રોડ પર ગાડી વ્યવસ્થિત ચાલવા બાબતે માથાકૂટ થતા ડમ્પર ચાલકે ધોકાનો ઘા મારતા જેતપુર સીટી પોલીસમાં ફરિયાદ દાખલ થતા પોલીસે કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી જિલ્લાના વડિયાના બાવર બરવાળાના મહેશભાઈ કાબાભાઈ વાળા એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તા. ૬ ના જેતપુર માર્કેટીંગ યાર્ડમાં મરચાની ગાડી ખાલી કરવા માટે આવેલા હતા. બાદ સાંજે ૬ વાગ્યા આસપાસ જેતપુર માર્કેટ રોડ પાસે થી ગાડી ખાલી કરી ગામ તરફ જતા હતા.

ત્યારે જેતપુર ખીરસરા રોડ ગૌશાળા પાસે સાતેક વાગ્યા સમયે પહોંચ્યા હતા ત્યાં એક ડમ્પર ચાલકે તેમની બાજુમાં આવવા દીધેલી અને જેથી તેમની ગાડી રોડની સાઈડમાં નીચે ઉતારી લીધી હતી.અને ડમ્પર ચાલકને ગાડી સાઈડમાં રાખવાનો ઈશારો કરતા ડમ્પર ચાલક ગાળો આપી ત્યાંથી જતો રહ્યો હતો. દરમિયાન ડમ્પર ચાલક પ્રતાપભાઈ મેરએ ફરી બબાલ કરી ધોકા વતી હુમલો કરી ઈજા પહોચાડ્યાની જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે હુમલાખોરની શોધખોળ આદરી છે.

# વાહન પાર્કીંગ મામલે નણંદ-ભાભીના પરિવારો બાખડ્યાઃ ત્રણ મહિલા થઇ ઈજાગ્રસ્ત

## રામનાથપરા પાસેના ભવાનીનગરમાં બનાવઃ સામ-સામી ફરિયાદ

રાજકોટઃ લોકો વચ્ચે નહિ જેવી વાતે પણ જામી પડતી હોય છે. ઘણીવાર તો સગા સગા વચ્ચે પણ ધબધબાટી બોલી જતી હોય છે. આવા જ એક બનાવમાં રામનાથપરા ભવાનીનગરમાં ઘર પાસે વાહન પાર્ક કરવા મામલે નણંદ-ભોજાઇના પરિવારો વચ્ચે મારામારી થતાં ત્રણ મહિલાને ઇજા થતાં હોસ્પિટલના ખાટલે પહોંચવાની વેળા આવી હતી.

વિગતો પર નજર કરીએ તો રામનાથપરા પાસે ભવાનીનગર-૬માં રહેતાં તેતાલીસ વર્ષના ગીતાબેન મનસુખભાઇ બારૈયા ઘરે હતાં ત્યારે નજીકમાં જ રહેતાં તેના નણંદ સવિતાબેન, નણંદની પુત્રવધૂ કાજલ સહિતે હુમલો કરી ઢીકાપાટુનો માર મારતાં ગીતાબેનને બચાવવા માંડાડુંગર રઘુનંદનમાં રહેતાં તેના બહેન છત્રીસ વર્ષના પુરીબેન મનોજભાઇ બારૈયા વચ્ચે પડતાં તેને પણ મારકુટ થતાં બંને બહેન સિવિલ હોસ્પિટલમાં દાખલ થઇ હતી. સામા પક્ષે ત્રીસ વર્ષિય કાજલ રાહુલ બારૈયા પણ પોતાને મનસુખભાઇ, વિવેક, ગીતાબેને લાકડી, ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદ સાથે સારવાર માટે દાખલ થતાં

આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, ચંદ્રસિંહ, ભાવશેભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ એ-ડિવીઝન પોલીસમાં જાણ કરી હતી. ગીતાબેને જણાવ્યું હતુ કે અમારા ઘર પાસે મારા જેઠે પાર્ક કરેલુ એક્ટીવા દૂર હટાવવા બાબતે નણંદ અને તેની પુત્રવધૂએ બોલાચાલી કરતાં આ મારામારી થઇ હતી. એ-ડિવીઝન પોલીસ દ્વારા બંને પક્ષની ફરિયાદ-નિવેદન નોંધવા તજવીજ કરવામાં આવી હતી.

શ્રી ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે

# રાજકોટમાં આજે ક્ષત્રિય સમાજની ઓપન ગુજરાત વોલીબોલ-શુટીંગ બોલ નાઈટ ટુર્નામેન્ટ

## કાલે સેમી ફાઈનલ અને ફાઈનલ બાદ વિજેતા ટીમોને પ્રોત્સાહક ઇનામો, શિલ્ડ આપી નવાજાશે

રાજકોટ મિરર, તા.૭

શ્રી ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી અંતર્ગત સૌ પ્રથમ વખત વોલીબોલ તથા શુટીંગ બોલ ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે કરાયું છે. જેમાં અનુભવી રમતવિરો વચ્ચે જંગ જામશે. ટુર્નામેન્ટનો ઉદઘાટન સમારોહ તા. ૮ ને શનિવારના રોજ સાંજે ૭-૦૦ કલાકે રખાયો છે. જેમાં રાજકીય તેમજ સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેશે. તા. ૯ ના રોજ સેમી ફાઇનલ અને ફાઇનલ સાથે વિજેતા ટીમોને, ખેલાડીઓને સન્માનીત કરાશે.

ક્ષત્રિય (ગિરાસદાર) સમાજમાં સ્પોર્ટસ એકટીવીટી પ્રત્યે બાળકોથી લઇ યુવાનો સુધી દરેકમાં જાગૃતતા આવે તેવા અભિગમ સાથે રાજકોટ શહેરમાં ઓપન ગુજરાત વોલીબોલ તથા શુટીંગ બોલ ટુર્નામેન્ટ પ્રથમ વખત યોજાશે. ગુજરાતમાં ક્ષત્રિય સમાજની વોલીબોલ ખેલાડીઓની રાજયભરમાંથી ૩૦ થી વધુ ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લેશે. તા. ૮ અને ૯ એમ બે દિવસીય નાઇટ વોલીબોલ અને શુટીંગ બોલની આંતરરાષ્ટ્રીય સ્તરની ટુર્નામેન્ટ રાજકોટ શહેરમાં એસ.એ.જી. સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, વિમલ નગર મેઇન રોડ, યુનીર્વસીટી રોડ, રાજકોટ ખાતે રમાશે.

વોલીબોલ તથા શુટીંગ બોલ બંને પ્રથમ દિવસે તા. ૮ શનિવારના રોજ સાંજે છ કલાકે અલગ અલગ ટીમો વચ્ચે લીગ મેચ રમાશે. બીજા દિવસે રવિવારના રોજ સાંજે ૭-૦૦ કલાકે સેમી ફાઇનલ અને ફાઇનલ મેચ યોજાશે. વિજેતા તેમજ રનર્સ અપ ટીમોને રોકડ પુરસ્કાર ઉપરાંત શિલ્ડ અને મોમેન્ટો દ્વારા મહાનુભવોના હાથે સન્માનીત કરાશે. આ ઉપરાંત પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ, બેસ્ટ ડીફેન્ડર, બેસ્ટ શુટર, બેસ્ટ સેટર, બેસ્ટ લીબેરો, બેસ્ટ એટેકર, બેસ્ટ નેટીની પસંદગી થશે અને રમતમાં સર્વોચ્ચ દેખાવ કરનાર આ તમામ રમતવીરોને પણ શિલ્ડ આપી પ્રોત્સાહીત કરાશે.

તમામ રમતવીરોને આંતરરાષ્ટ્રીય સ્તરના નિયમો સાથે રેફરીઓની સેવા લેવામાં આવશે અને સીલેકશન થશે. આયોજનને આખરી ઓપ આપવા માટે શ્રી ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલની ટીમ કાર્યવાહક સમિતિના સભ્યો દ્વારા ટુર્નામેન્ટને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. તા. ૮ ના રોજ સાંજે ૭-૦૦ કલાકે યોજાનાર ઉદઘાટન સમારોહમાં ક્ષત્રિય સમાજના સામાજીક તેમજ રાજકીય મહાનુભવો તેમજ સમાજના યુવાનો, ભાઇઓ, વડીલો બહોળી સંખ્યામાં ઉપસ્થીત રહે તેમજ બે દિવસીય નાઇટ ટુર્નામેન્ટ નિહાળવા તેમજ સમાજના રમતવીરોને પ્રોત્સાહીત કરવા માટે ઉપસ્થીત રહેવા માટે સંસ્થાની કાર્યવાહક સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે. આયોજનને સફળ બનાવવા દેવેન્દ્રસિંહ આર. જાડેજા(મંત્રીશ્રી), રાજદીપસિંહ જાડેજા, તીર્થરાજસિંહ ગોહિલ રાજદીપસિંહ રાણા. દુષ્યંતસિંહ જાડેજા, દિલજીતસિંહ જાડેજા, જયદેવસિંહ જાડેજા, મયુરસિંહ પરમાર, ચંદુભા જાડેજા વી. ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સુરેન્દ્રનગર-બનાસકાંઠા ખૂન કેસના બે ફરાર આરોપીઓ પિસ્ટલ સાથે ઝડપાયા

## હનુમાનમઢી વિસ્તારમાંથી ક્રાઈમબ્રાંચે ઝડપી લીધા : મોબાઈલ મળી ૪૫ હજારનો મુદ્દામાલ કબ્જે

રાજકોટ મિરર તા.૭

શહેરની ક્રાઈમ બ્રાન્ચ પોલીસે બનાસકાંઠા જિલ્લાના મર્ડર કેસનો અને સુરેન્દ્રનગર-લીંબડીના મર્ડર કેસના બને ફરાર આરોપીને શહેરના હનુમાન મઢી વિસ્તારમાંથી ઝડપી લીધા હતા. એક પાસેથી હજારની દેશી બનાવટની પિસ્ટલ અને મોબાઈલ પણ મળ્યા હતા.

રાજકોટ શહેર વિસ્તારમાં બનતા ચોરી લૂંટ ખૂનના બનાવોની ગંભીરતાને ધ્યાનમાં લેતા અનડીટેકટ ગુનાઓના ડિટેક્ટ કરવા શખ્સને તાત્કાલિક પકડી પાડવા રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમ ભરત બી. બસીયાના આદેશ મુજબ ક્રાઈમ બ્રાન્ચ પી. આઈ. એમ.આર.ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી. એચ. જાદવના માર્ગદર્શન હેઠળ ડીસીબી પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. એમ.કે.મોવલીયા સહિતનો સ્ટાફ અને એ.એસ.આઇ રણજીતસિંહ પઢારીયા, હેડ. કોન્સ. સંજયભાઈ દાફડા કોન્સ. રામશીભાઈ કાળોતરાને બાતમીના આધારે ૨૦૨૧માં લીમડી પોલીસ સ્ટેશનના મર્ડરનો આરોપી સાબરમતી જેલમાંથી વચગાળાના જામીન પરથી સવા બે વર્ષથી ફરાર શખ્શ ધર્મેશ ઉર્ફે કાળુ ઉર્ફે સુર્યા ઉર્ફે સુરજ ઉર્ફે દેવો ઉર્ફે દેવેન્દ્ર રાવળદેવ તથા ૨૦૨૪માં બનાસકાંઠાના માવસરી પોલીસ સ્ટેશનના વોન્ટેડ મફાભાઈ પટેલ મર્ડર કેસના શખ્શ અનિલ કાઠી ગેંગના શૂટર ધર્મેશ ઉર્ફે કાળું ઉર્ફે સુર્યા ઉર્ફે




સુરજ ઉર્ફે દેવો ઉર્ફે દેવેન્દ્ર રાવળદેવ તેમજ સમાધાન ઉર્ફે અધિકાર ઉર્ફે જીગર આનંદ સિંગ રાજપુત આ બંને શખ્શ ગુજરાતના ભરૂચ જિલ્લામાં એ.ટી.એમ ચોરીના ૩ ગુન્હામાં ૩.૫૨ લાખ, મહારાષ્ટ્રના નંદુરબારમાં એ.ટી.એમ. ચોરીના ૧ ગુન્હામાં ૨૬.૨૩ લાખના ચોરીના અનડીટેક્ટ ગુન્હાનો ભેદ ઉકેલી બંને શખ્શને ગેરકાયદેસર દેશી બનાવટની પીસ્ટલ સાથે હનુમાન મઢી ચોક પાસેથી પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પકડાયેલ શખ્શમાં ધર્મેશ ઉર્ફે કાળુ ઉર્ફે સુર્યા ઉર્ફે સુરજ ઉર્ફે દેવો ઉર્ફે દેવેન્દ્ર અંબારામભાઈ ઝેઝરીયા (રહે. મૂળ મોટા મંદિર આગળ ફલની પાસે લીમડી જિલ્લો સુરેન્દ્રનગર) અને સમાધાન ઉર્ફ અધિકાર ઉર્ફે જીગર આનંદસિંગ ગીરાસે (રહે. બંગાલી ફાઈલ વિસ્તાર વિકી શર્માના મકાનમાં ભાડેથી અમલનેર જિ. જલગાંવ મૂળ સિંધ ખેડા જિલ્લો ધુલે મહારાષ્ટ્ર) આ દરમિયાન પોલીસે ગેરકાયદેસર દેશી બનાવટ પીસ્ટલ,બે મોબાઈલ સહિત રૂ.૪૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અગાઉ ધર્મેશ સામે સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પોલીસ મથકમાં ગુન્હો નોંધાયેલો છે. અને જીગર પર મહારાષ્ટ્ર ધુલે જીલ્લાના ડોન્ડેચા પોલીસ મથકમાં ૨ ગુન્હા, ગુજરાતના સુરત રેલવે પોલીસ સ્ટેશન માં એક ગુન્હો, સુરત જીઆઇડીસી પોલીસ મથકમાં બે ગુન્હાઓ નોંધાયેલા છે.

આ બંને ફરારી આરોપીઓને પકડવામાં રાજકોટ શહેર, ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એમ.આર.ગોંડલીયા, પી.આઈ. એમ.એલ. ડામોર, સી. એચ. જાદવ, પી. એસ. આઈ. એમ. કે. મોવલીયા, એ. એસ.આઈ. રણજીતસિંહ પઢારીયા, અશોક કલાલ, હેડ. કોન્સ. સંજયભાઈ દાફડા, વિજય રાતે જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, સુભાષભાઈ ધોધારી, કોન્સ. રામશીભાઈ ભાઈ કળોતરા, તુલસીભાઈ ચુડાસમા, રમેશભાઈ માલકિયા, સંજયભાઈ ખાખરીયા દ્વારા કરવામાં આવી હતી.

## આ છે મનપાની મહિલાઓને મહિલા દિન નિમિત્તે ભેટ

### સૌરાષ્ટ્રનું એકમાત્ર

# મહિલા હોકર્સ ઝોન મરણપથારીએ

૧ વર્ષથી વધુ સમયથી બંધ હોકર્સ ઝોન માટે પ્રતિમાસ વસૂલવામાં આવે છે ₹૫૦૦ : અન્યાય સામે એક વખત નહીં અનેક વખત એસ્ટેટ વિભાગમાં કરવામાં આવી અરજી છતાં અધિકારીઓ દ્વારા અપાય છે ગોળગોળ જવાબ

રાજકોટ, તા. ૭

સમગ્ર વિશ્વમાં આઠ માર્ચ એટલે કે મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે જેની પાછળનું મહત્વનું કારણ એ છે કે મહિલા દિવસ એટલે કે મહિલાઓ પુરુષ સમોવડી બને અને મહિલા ઉત્થાનના કાર્ય થાય તે માટે હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને વિવિધ ક્ષેત્રમાં મહિલાઓની એક અલગ જ ભાગીદારી જોવા મળે છે એટલું જ નહીં કહેવાતા અત્યંત કપરા ક્ષેત્રમાં પણ મહિલાઓ પોતાનો ડંકો વગાડી રહી છે. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લખપતિ દીદી ની યોજના બહાર પાડી તો બીજી તરફ મહિલાઓને જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓ મળતી રહે અને દરેક ક્ષેત્રમાં તેઓ આગવું સ્થાન સુનિશ્ચિત કરે તે માટેની યોજનાઓ પણ હાલ સરકાર બનાવે છે પરંતુ એક કરુણ દ્રશ્ય સામે આવ્યું છે જેમાં સૌરાષ્ટ્રની એકમાત્ર મહિલા હોકર્સ ઝોન ક્રિસ્ટલ મોલ ની સામે જ આવેલું છે તે અત્યંત બિસ્માર હાલતમાં છે. જેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે હાલ મહિલા હોકર્સ ઝોનમાં કુલ ૧૮ થળા ઉભા કરવામાં આવ્યા અને જ્યારથી શરૂ થયું ત્યારથી માત્ર છ મહિના જ આ હોકર્સ ઝોન ચાલુ રહી શક્યું પરંતુ અપૂરતી સુવિધા ના કારણે મહિલાઓને ઘણી તકલીફ અને હાલાકી નો સામનો કરવો પડતો હતો જે બાદ સમયાંતરે ૫૦% એટલે કે અમુક થળા કોર્પોરેશનને પરત સોંપી દેવામાં આવ્યા. પરંતુ વાત અહીં પૂર્ણ થતી નથી કારણ કે બાકી જે મહિલાઓ ના જે થડા છે તેનું તેઓ બંધનું ₹૫૦૦ ભાડું ચૂકવે છે એટલું જ નહીં જે શોચાલયની વ્યવસ્થા મહિલાઓ માટે થવી જોઈએ તે પણ કરવામાં હાલ મહાનગરપાલિકા ઊણી ઉતરી છે. હવે જરૂરી એ છે કે આ અંગે કોઈ નક્કર પગલા લેવામાં આવે કારણ કે અનેકવિધ મહિલાઓનું માનવું છે કે આ અંગે તેઓએ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગને એક વખત નહીં અનેક વખત રજૂઆત કરી પરંતુ તેમના દ્વારા જે જવાબ આપવામાં આવી રહ્યા છે તે યોગ્ય નથી ઊલટું તેઓ કોર્પોરેટર ઉપર જવાબદારીની ફેંકા ફેક કરે છે અને અંતે મહિલાઓએ આર્થિક નુકસાની નો સામનો પણ કરવો પડે છે.

આ વાસ્તવિકતા ને નિહાળી એ વાત તો સ્પષ્ટ છે કે મહિલા દિન નિમિત્તે જ મહિલા હોકર્સ ઝોન સંપૂર્ણ મરણ પથારીએ પડ્યું છે ત્યારે આ હોકર્સ ઝોનને કોણ સજીવન કરશે તે હવે જોવાનું રહ્યું. મહાનગરપાલિકા અનેકવિધ જટિલ કાર્યો કે જેમાં તેને પોતાની વાહ વાહ મળવાની હોય તેમાં દિલ દઈને કામ કરે છે અને પોતાની ક્રેડિટ પણ મેળવતી હોય છે પરંતુ જ્યાં જરૂરિયાતની વાત છે ત્યાં મહાનગરપાલિકા યોગ્ય કામગીરી કરતું નોહવાનું વધુ એક ઉદાહરણ સામે આવ્યું છે. ક્રિસ્ટલ મોલ ની સામે આવેલા મહિલા હોકર્સ ઝોનમાં હાલ ધંધો કરવો કે કેમ તે પણ સૌથી મોટો પ્રશ્ન છે કારણ કે ધૂળ ધમા બનેલું મહિલા હોકર્સ ઝોનમાં યોગ્ય શોચાલયની પણ વ્યવસ્થા નથી ઊલટું મહિલાઓએ પોતાના સ્વખર્ચે જે થડા આપવામાં આવ્યા છે તેમાં ખાના બનાવ્યા કારણકે દરરોજ માલ સામાનની અવાર–જવર કરાવી તે ખર્ચાળ પુરવાર થઈ શકે પરંતુ યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે છેલ્લા ઘણા સમયથી આ મરણપથારીએ પડેલી છે ત્યારે હવે રાજાપાટ માંથી મહાનગરપાલિકા બહાર આવે અને મહિલા દિવસ નિમિત્તે મહિલાઓ માટે કોઈ સારું કાર્ય કરે તે જરૂરી છે હા એમાં કોઈ શંકા નથી કે આજના દિવસ માટે તમામ મહિલાઓને જે બીઆરટીએસ અને સીટી બસમાં મુસાફરી નિશુલ્ક બનાવી છે પરંતુ ત્યારે પુરુષ સમોવડી અને મહિલા ઉત્થાન ની વાત થતી હોય ત્યારે જે વ્યવસાય મહિલાઓ કરે તેમાં કોઈ અડચણ ન થાય તે મહાનગરપાલિકાએ વિચાર કરવો ખૂબ જરૂરી છે અને હાલની જે દયનીય સ્થિતિ જોવા મળી છે તેમાં કોઈ નક્કર પગલા લેવામાં આવે ને ફરી મહિલા હોકર્સ ઝોન શરૂ થાય અને મહિલાઓ કમાતી થાય તે દિશામાં મનપા પગલા ભરે તેવું હાલ તજજ્ઞ જણાવી રહ્યા છે.











### એક થી પાંચમાં ૫૦૦ રૂપિયા ભરવાના નહીંતર પ્રતિ દિવસ ₹૧૦૦ પેનલ્ટી

એસ્ટેટ વિભાગની દાદાગીરી મહિલા હોકર્સ ઝોન માટે સામે આવી છે કારણ કે અહીં બંધ હોકર્સ ઝોન માટે પણ મહિલાઓ પ્રતિમાસ ₹૫૦૦ ભરી રહી છે એટલું જ નહીં નિયમ પણ એટલા સારા બનાવ્યા છે કે જો મહિલા એક થી પાંચ તારીખમાં પોતાની રકમની ભરપાઈ ન કરે તો છઠ્ઠા દિવસથી પ્રતિ દિવસ ₹૧૦૦ પેનલ્ટી પણ વસૂલવામાં આવી રહી છે અને આ પેનલ્ટીની ભરપાઈ અનેકવિધ મહિલાઓએ કરી હોવાનું પણ માલુમ પડ્યું છે.

### જે સમયે હોકર્સ ઝોન શરૂ હતું ત્યારે શોચાલય માટે પેટ્રોલ પંપમાં જવું પડતું

મહિલા હોકર્સ ઝોનમાં શૌચાલયની યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે ત્યાં વ્યાપાર કરતી મહિલાઓએ બાજુમાં આવેલા પેટ્રોલ પંપમાં સૌચાલયનો ઉપયોગ કરવો પડતો આ અંગે અનેકવિધ વખત મહાનગરપાલિકાને રજૂઆત પણ કરવામાં આવી પરંતુ કોઈ પણ પ્રકારે ઉડાવ જવાબ આપી તેમની માંગણી અને રજૂઆતને ઉડાડી દેવાથી હાલ મહિલા હોકર્સ ઝોનમાં સૌચાલય બનાવવાનું કામ છેલ્લા ચાર મહિનાથી ચાલી રહ્યું છે છતાં તે કામ પૂર્ણ થયું નથી જવાબદારી કોની તે સૌથી મોટો પ્રશ્ન

---

### રાજકોટના રામધામના ટ્રસ્ટીની આગેવાની હેઠળ રઘુવંશીઓની આક્રોશભેર લેખિત ફરિયાદ

# જ્ઞાનપ્રકાશ બફાટ સ્વામી સામે ગુન્હો નોંધવા માંગ

### સુરત-અમરોલી સ્વામી નારાયણ મંદીરના જ્ઞાનપ્રકાશ સ્વામીને સંપ્રદાયમાંથી હાંકી કાઢવા માંગણીઃ રઘુવંશી સમાજ આકરાપાણીએ

રાજકોટઃ સ્વામિનારાયણ સંપ્રદાયના અમુક સંતો છાશવારે જાણીજોઈને કે બીજા કોઈ કારણોસર હિન્દુ દેવી દેવતાઓ વિશે બેફામ બફાટ કરી સમગ્ર સનાતનીઓના રોષનું કારણ બની જાય છે. હવે સુરત-અમરોલી સ્વામી નારાયણ મંદીરના જ્ઞાનપ્રકાશ સ્વામીએ સંત શિરોમણી શ્રીજલારામ બાપા વિષે અપમાનજનક બફાટ અને ટીપ્પણીઓ કરી હિન્દુ ધર્મને ગેરમાર્ગે દોરવાની કોશીષ કરતાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ સ્વામી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૯૮, ૨૯૮, ૩૦૨ અને ૩૫૬ સહીતની કલમ હેઠળ ફોજદારી રાહે ગુન્હો નોંધવા પોલીસ કમિશ્નર રાજકોટને સંબોધી લેખીત ફરીયાદ રામધામ ટ્રસ્ટના ટ્રસ્ટી અને રઘુવંશી અગ્રણીઓએ કરતાં તપાસ શરૂ થઈ છે. વિરોધનો આ વંટોળ દેશભરના રઘુવંશીઓ સુધી પહોંચી રહ્યો છે.

લેખીત સ્વરૂપે જે ફરિયાદ અરજી કરવામાં આવી છે તેમાં જણાવાયું છે કે આરોપી એક સ્વામીનારાયણ વડતાલ સંપદાયમાં સંત તરીકે વરણી થયેલા છે. એક સત્સંગ સભા સુરતમાં ચાલતી હતી તે સત્સંગ સભામાં ધર્મ વિશેની વાત કરવાની હોય પરંતુ આ સભામાં આ કામના આરોપીએ રઘુવંશી સમાજનાં ધર્મગુરૂ સંત શીરોમણી જલારામ બાપા વીશે ખોટો બફાટ કરીને તેમના વિરૂધ્ધ ખોટી ટીપ્પણી કરેલ હતી. જેને લઈ રઘુવંશી સમાજમાં અને પુ. જલારામ બાપાના વિશાળ અનુયાયી વર્ગમાં રોષ ફેલાયો છે. સ્વામીનારાયણ સંપ્રદાયમાંથી તેમને હાંકી કાઢવા જોઈએ જેથી તેનું લાંછન સંપુર્ણ સ્વામીનારાયણ સંપ્રદાય પર ન લાગે અને આવી ખોટી ધર્મ વિશેની વાતો કરીને હીન્દુ ધર્મને બદનામ ન કરે.



આગળ જણાવવામાં આવ્યું છે કે રઘુવંશી સમાજના સંતશ્રી જલારામ બાપા એક મહાન સંત છે. ત્યારે સુરતમાં એક સત્સંગ સભા દરમિયાન આ કામના આરોપી જ્ઞાનપ્રકાશ સ્વામીએ પોતે હીન્દુ ધર્મનુ પુરતુ જ્ઞાન ધરાવતા ન હોય અને સત્સંગ વીશેનું પણ પુરતુ જ્ઞાન ન હોય વ્યાસ પીઠ પર બેસીને સત્સંગ સભામાં સંતશ્રી જલારામ બાપાનાં અન્નક્ષેત્રની વાર્તામાં પણ ગુણાતીતાનંદ સ્વામીએ તેમને આશીર્વાદ આપેલા અને જલારામ બાપાને સારો એવો સાધુ સંતોનો સબંધ હતો જેને કારણે આ બધા અન્નક્ષેત્ર ચાલી રહયા છે. આમ આ કામના આરોપીએ કયા શાસ્ત્રમાં વાંચીને આ સંભળાવેલુ છે અને આ બાબતનો કઈ જગ્યાએ ઉલ્લેખ છે અને જલા ભગત વીશે થયેલ વાર્તાનો વ્યાસ પીઠ પર બેસીને ખોટી ધર્મ વીશેની વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે. વધુમાં એવુ જણાવેલ કે ગુણાતીતાનંદ સ્વામીનાં કારણે જ વીરપુરમાં સદાવ્રત ચાલી રહેલ છે એવી સત્સંગ સભા દરમીયાન ખોટી વાર્તાઓ કહીને રઘુવંશી લોહાણા સમાજનું ઘોર અપમાન કરેલ છે.

ફરિયાદ અરજીમાં વિશેષમાં જણાવાયું છે કે સત્સંગ વીશેનો સંપુર્ણ ખ્યાલ ન હોય અને આપણા હીન્દુ ધર્મના સંતો તથા ગુરૂઓ વીશે કઈ રીતે વાત કરવી, કઈ ભાષામાં વાત કરવી અને જલારામ બાપા એક મહાન સંત હોય અને જલારામ બાપા પર ભોજલરામ બાપાનાં આશીર્વાદ હોય અને ભોજલરામ બાપાનાં આશીર્વાદ એ જલારામ બાપાની સેવા તથા તેની નીષ્ઠા જોઈ જલારામ બાપાનો એક સંકલ્પ હતો કે મારે વીરપુરમાં એક સદાવ્રતની ઈચ્છા હોય આમ તેમની તમામ સેવા તથા કર્તવ્ય નિષ્ઠા જોઈને ભોજલરામ બાપાએ આશીર્વાદ આપેલ. જેના કારણે વીરપુરમાં અન્નક્ષેત્ર ચાલી રહયું છે.

અગાઉ પણ સ્વામીનારાયણ સંપ્રદાયનાં સંતો અવાર નવાર ખોટી વાતો કરીને હીન્દુ ધર્મને બદનામ કરવાનો તથા હીન્દુ ધર્મ વીશે ટીપ્પણીઓ કરી બફાટ કરતી વાતો કરીને રઘુવંશી સમાજનું તથા સંતશ્રી જલારામ બાપાનું અપમાન કરેલ છે.

માટે જ્ઞાનપ્રકાશ સ્વામી વીરપુર જલારામ બાપાનાં મંદીર ઉપર આવીને જાહેરમાં માફી માંગી અને લેખીત માફીનામું આપી બીજી વાર આવી ભુલ ન થાય તે માટે આ ફોજદારી ફરીયાદ નોંધી ફોજદારી રાહે કાર્યવાહી કરવી જરૂરી છે.

આ લેખિત ફરિયાદ અરજી કરતી વખતે રામધામ ટ્રસ્ટના ટ્રસ્ટી સર્વશ્રી હસુભાઈ ભગદેવ, પ્રતાપભાઈ કોટક, ભીખાલાલ પાંઉ, કલ્પેશભાઈ તન્ના, મેહુલ નથવાણી અને વિપુલ મણીયાર, ધનેશ જીવરાજાની, તન્ના હાર્દિક, તન્ના કેવલ, તન્ના કલ્પેશ, દિક્ષીણી જતીનભાઈ, માણેક રવિભાઈ, રાજદેવ પ્રશીલ, રાયચુરા નિરવ, નથવાણી મોહીત, મણીયાર વિપુલભાઈ, કારીયા વિપુલભાઈ, મીરાણી અશોકભાઈ, સોમૈયા સોનલબેન, વડેરા હિતેશ, કારીયા વિનીથભાઈ, જીવરાણી મહેન્દ્રભાઈ, હસુભાઈ ભગદેવ, પ્રતાપભાઈ કોટક, વિપુલભાઈ મણીયાર, મેહુલ નથવાણી, વિજયભાઈ જોબનપુત્રા, અશ્વીનભાઈ મીરાણી, બલરામભાઈ કારીયા, જતીનભાઈ પાબારી સહિતના જોડાયા હતાં અને પોલીસ કમિશ્નરશ્રી તથા પ્ર.નગર પોલીસને આ લેખિત અરજી આપી હતી.

### વીરપુર આવી જલારામ બાપાની માફી માંગતા જ્ઞાનપ્રકાશ



રાજકોટ મિરર, તા.૭

જલારામબાપા વિષે એલફેલ બોલી જ્ઞાનપ્રકાશ સ્વામીએ વિવાદનો મધપૂડો છેડતા સૌરાષ્ટ્ર - ગુજરાતના રઘુવંશી સમાજે આ સ્વામીને માફી માંગવા વીરપુર બોલાવ્યા હતા. લોહાણા સમાજની પ્રારમ્ભિક આવી માંગને નજર અંદાજ કરવા સ્વામીએ પ્રયાસ કર્યો હતો પણ વિરોધ વંટોળ એવો હતો કે તેમાં ના તણાવાનું મુનાશીબ માની આજે આ સ્વામી વીરપુર જલારામ દોડી આવ્યા હતા અને પોતાના નિવેદન બદલ માફી માંગી હતી. સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ જગ્યા વિરપુરનાં સંત જલારામ બાપાને લઈને વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી જ્ઞાનપ્રકાશ દ્વારા કરેલા નિવેદન પર વિવાદ થયો હતો. તેમની આ ટિપ્પણી મુદ્દે રઘુવંશી સમાજ સહિત જલારામ બાપાનાં ભક્તોમાં રોષ વ્યાપ્યો હતો અને રઘુવંશી સમાજે જ્ઞાનપ્રકાશ સ્વામીને વિરપુર જલારામ મંદિરે આવી માફી માંગવા અલ્ટિમેટમ આપ્યું હતું. ત્યારે હવે આ મામલે જ્ઞાનપ્રકાશ સ્વામીને વિરપુર જલારામ મંદિરે આવીને માફી માંગી છે.સંત જલારામ બાપાને લઈને કરેલી ટિપ્પણી મુદ્દે વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના જ્ઞાનપ્રકાશ સ્વામીએ વિરપુર જલારામ બાપાની જગ્યાએ આવીને માફી માંગી છે. મંદિરનાં પાછલા બારણેથી નંબર પ્લેટ વગરની કારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જ્ઞાનપ્રકાશ સ્વામી વિરપુરમાં પહોંચ્યા હતા. આ પૂર્વે તેમણે મીડિયા સમક્ષ તેમજ વીડિયો જાહેર કરીને માફી માંગી હતી પરંતુ તેમ છતાં વિવાદ શમ્યો નહોતો.